Saturday, 13 June 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦



એક મનુષ્ય માત્ર તેના વિચારોનું ઉત્પાદન છે.
જે તે વિચારે છે, તે બને છે.
- મહાત્મા ગાંધીજી

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૧૮૫ ● સંવત-૨૦૮૨ અધિક જેઠ વદ તેરસ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

'રાષ્ટ્રીય વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ' વિભાગ દ્વારા

## દમણના ઔદ્યોગિક નોડલ અધિકારીઓને તાલીમ અપાઈ

**દાનહ અને દમણ-દીવના 'રાષ્ટ્રીય વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ' રાજ્ય કાર્યક્રમ અધિકારી ડો. ગણેશ વર્ણેકરે ઔદ્યોગિક વિસ્તારોમાં મચ્છર સંવર્ધન અને નિવારણ, લાર્વા સર્વેક્ષણ અને નાબૂદી, જંતુનાશક છંટકાવ, 'ફ્રાઈડે - ડ્રાય ડે' (સાપ્તાહિક સફાઈ ઝુંબેશ) અને માહિતી તથા સારવાર પહેલ વિશે આપેલી જાણકારી**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૨**

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના આરોગ્ય અને પરિવાર કલ્યાણ સચિવ શ્રી એ. ગોપી ક્રિષ્નાની સૂચના અને આરોગ્ય સંયુક્ત સચિવ શ્રી અમિત પમાસીના માર્ગદર્શન હેઠળ 'રાષ્ટ્રીય વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ' વિભાગ દાદરા નગર હવેલી અને દમણ-દીવે તા.૧૨.૦૬.૨૦૨૬ના રોજ બપોરે ૦૩:૦૦ વાગ્યે દમણ ઔદ્યોગિક સંગઠન, સોમનાથના કોન્ફરન્સ હોલ ખાતે દમણના ઔદ્યોગિક નોડલ અધિકારીઓ માટે તાલીમનું આયોજન કર્યું હતું. દાદરા નગર હવેલી અને દમણ-દીવના 'રાષ્ટ્રીય વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ' રાજ્ય કાર્યક્રમ અધિકારી ડૉ. ગણેશ વર્ણેકરે ઔદ્યોગિક વિસ્તારોમાં મચ્છર સંવર્ધન અને નિવારણ, લાર્વા સર્વેક્ષણ અને નાબૂદી, જંતુનાશક છંટકાવ, 'ફ્રાઈડે-ડ્રાઈ ડે' (સાપ્તાહિક સફાઈ ઝુંબેશ) અને માહિતી અને સારવાર પહેલ વિશે માહિતી પૂરી પાડી હતી.

- **(વધુ પાના નં.૨ પર)**

વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઈ મોદીના સતત ૧૨ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થવાના અવસર નિમિત્તે

## દમણની પરિયારી ગ્રા.પં. ખાતે ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ શિબિર યોજાઈ

**સરપંચ ભાવિકભાઈ હળપતિના અધ્યક્ષસ્થાને આયોજીત જાગૃતિ શિબિરમાં સંઘપ્રદેશના ખેતીવાડી વિભાગના અધિકારીઓ દ્વારા પરિયારી તથા આજુબાજુના ગામના ઉપસ્થિત ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના લાભો, આધુનિક પદ્ધતિઓ તથા સરકાર દ્વારા ઉપલબ્ધ વિવિધ યોજનાઓ અંગે આપવામાં આવેલું માર્ગદર્શન**








**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૨**

વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીના સતત ૧૨ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થવાના અવસર નિમિત્તે દાદરા નગર હવેલી અને દમણ-દીવ ભાજપ દ્વારા પ્રદેશ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાના માર્ગદર્શન હેઠળ સરપંચ શ્રી ભાવિક હળપતિના અધ્યક્ષસ્થાને દમણ જિલ્લા ભાજપ કિસાન મોર્ચા દ્વારા પરિયારી મંડળ ખાતે ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદેશ ભાજપ દ્વારા આયોજીત કાર્યક્રમ દરમિયાન સંઘપ્રદેશના ખેતીવાડી વિભાગના અધિકારીઓ દ્વારા પરિયારી તથા

- **(વધુ પાના નં.૨ પર)**

## કર્મચારીને બરતરફ કરતાં પહેલાં ૧૦૦ વખત વિચારવું જોઈએ : સુપ્રીમ કોર્ટ

**બરતરફી સૌથી કઠોર સજા, તેનાથી કર્મચારીના આખા પરિવારને અસર થાય છેઃમહિલાએ બોમ્બે હાઈકોર્ટમાં સત્તાવાળાના આદેશને પડકાર્યો હતો, હાઈકોર્ટે બરતરફીના આદેશને યથાવત રાખ્યો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૨**

સુપ્રીમ કોર્ટે ગુરૂવારે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં જણાવ્યું હતું કે કોઈ કર્મચારીને નોકરીમાંથી બરતરફ કરવાની કઠોર સજા કરતાં પહેલાં શિસ્તભંગ સત્તાવાળાઓએ ખૂબ જ સાવધાની રાખવી જોઈએ, કારણ કે આવી સજાની વિનાશક અસર માત્ર કર્મચારી પર જ નહીં, પરંતુ તેના પર નિર્ભર પરિવારજનો પર પણ પડે છે. નોકરીમાંથી બરતરફી એ સૌથી કઠોર સજા છે અને તેનો ઉપયોગ માત્ર એવા ગંભીર કેસોમાં થવો જોઈએ, જ્યાં કર્મચારીનું વર્તન સંસ્થા, શિસ્ત અને વિશ્વાસ સાથે સંપૂર્ણપણે અસંગત હોય. ન્યાયાધીશ સંજય કરોલ અને એન કોટિશ્વર સિંહની બનેલી ખંડપીઠે મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડના એક મહિલા કર્મચારીની અપીલ પર ચુકાદો આપતાં આ અવલોકનો કર્યા હતાં. - **(વધુ પાના નં. ૭ પર)**



## દાનહના સિંદોનીમાં શોર્ટસર્કિટના કારણે આગ લાગતા ગરીબ આદિવાસી પરિવારનું ઘર બળીને ખાખ

**ખાનવેલથી ફાયરબ્રિગેડની ગાડી પહોંચે તે પહેલાં ઘરનો સામાન સહિત સંપૂર્ણ ઘર બળીને રાખ થતાં પરિવારના માથે તૂટી પડેલો પહાડ**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૨**

દાદરા નગર હવેલીના સિંદોની ગામના થોરાટપાડા વિસ્તારમાં આજે બપોરના સમયે ધોમધખતા તાપમાં શોર્ટ સર્કિટના કારણે ઘરમાં અચાનક આગ ફાટી નિકળતા ઘરના સભ્યોમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે પ્રકાશભાઈ થોરાટ રહેવાસી થોરાટપાડા, સિંદોની, જેઓના ઘરમાં બપોરના સમયે અચાનક ઈલેક્ટ્રીક બોર્ડમાં શોર્ટ સર્કીટ થયા બાદ ઘરમાં આગ પ્રસરી ગઈ હતી. આગને જોતાં પરિવારના સભ્યો ઘરની બહાર દોડી ગયા હતા. આ આગ જોતાં આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને અહીં તહીંથી પાણી લાવી લાવીને આગને ઓલવવાનો પ્રયાસ કરતા હતા, પરંતુ આગ એટલી જોરમાં લાગી હતી કે તેને નિયંત્રણમાં લઈ શકાઈ નહિ સ્થાનિકોએ ખાનવેલ ફાયરબ્રિગેડને ફોન કરતા ફાયરફાઈટરોની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી, પરંતુ તેઓ આવે ત્યાં સુધીમાં આખુ ઘર બળીને ખાખ થઈ ગયું હતું.

આગ એટલી ઝડપથી ફેલાઈ હતી કે ઘરનો સામાન બચાવવાનો મોકો જ ન મળ્યો. સદ્‌નસીબે કોઈને ઈજા કે જાનહાનિ થવા પામેલ નથી, પરંતુ ગરીબ આદિવાસી પરિવારનું આખું ઘર બળીને નષ્ટ થઈ જતાં તેમના માથે આભ અને નીચે ધરતી જ રહી જવા પામી છે.

## દાનહઃ ડોકમરડી બ્રિજ પરથી પસાર થતા પતંગનો દોરો ગળામાં ભેરવાતા બે યુવાનોને ગંભીર ઈજાઃ એકની સ્થિતિ નાજૂક



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૨:** સેલવાસના ડોકમરડી વિસ્તારમા કંપની પાસે ટેમ્પો મૂકી ઘર તરફ બે યુવાનો બાઈક પર જઈ રહ્યા હતા તે સમયે ડોકમરડી બ્રિજ પર અચાનક પતંગનો દોરો ગળામાં આવી જતા અમન સોની અને એનો મિત્ર બન્ને ગંભીર ઈજાગ્રસ્ત થયા હતા. જેઓને હોસ્પિટલમાં લઈ જતાં અમન સોનીના ગળામાં આઠ જેટલા ટાંકા મુકવાની નોબત આવી હતી. જ્યારે એના મિત્રની પરિસ્થિતિ નાજુક હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

## 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત દાનહની દરેક પંચાયતોમાં સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૨**

દાદરા નગર હવેલીની દરેક પંચાયતોમાં 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણને મજબૂત બનાવવા માટે વિશેષ અભિયાનનો પ્રારંભ કરવામા આવ્યો છે.

આ અભિયાન અંતર્ગત નરોલી પંચાયતમાં વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન પ્લાસ્ટિકના ઉપયોગમાં ઘટાડો કરવા, કચરાનું યોગ્ય વિભાજન કરવા અને ઘન કચરા વ્યવસ્થાપન અંગે પણ લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા.

ઉપસ્થિત જન પ્રતિનિધિઓએ સ્વચ્છતા અભિયાનને જનઆંદોલનનું સ્વરૂપ આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. નરોલી ગ્રામ પંચાયતના સરપંચ અને સભ્યોએ જણાવ્યું કે સ્વચ્છ અને સ્વસ્થ ગામના નિર્માણ માટે આવા અભિયાનો નિયમિતપણે યોજવામા આવશે. સ્થાનિક રહેવાસીઓએ પણ અભિયાનને આવકાર આપતા સ્વચ્છતા જાળવવામા સંપૂર્ણ સહયોગ આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ અવસરે સરપંચ, પંચાયત સભ્યો, સરકારી અધિકારીઓ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## હવેલી ઈન્સ્ટીટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચનું બીએલએસ, એલએલબીનું ૧૦૦ ટકા પરિણામ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલાવાસ, તા.૧૨**

લાયન્સ કલબ ઓફ સેલવાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સેલવાસની હવેલી ઈન્સ્ટીટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચમાં બીએલએસ, એલએલબી યુનિવર્સિટી પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કરીને ઉત્કૃષ્ટ શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

- **(વધુ પાના નં.૨ પર)**












## સુવિચાર - સદ્‌વિચાર

ક્ષમા કરો, જેમણે ગઈકાલે તમને દુઃખ પહોંચાડ્યું છે,
પરંતુ તેમને ભૂલશો નહીં જેઓ દરરોજ તમારી સંભાળ રાખે છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### ગિરધારી રે

સાહ્યબો મારો ગુલાબનો છોડ,
વેલી હું તો લવંગની,
ઊડશું જીવનમાં જોડાજોડ,
પાંખો જેવી પતંગની.
આભલાનો મેઘ હું, તું મારી છે વીજળી,
કેસરને ક્યારડે કસ્તૂરી આ ભળી.
રંગમાં ભીંજી, ભીંજાવાના કોડ,
મંજરી જેવી વસંતની.
સાહ્યબો સોહે કસુંબીનો રંગ
ઓઢણી ઓઢી ઉમંગની.

- રઘુનાથ બ્રહ્મભટ્ટ

## આજની જોક

એક મેળામાં બોર્ડ મારેલું હતું 'ઘોડો ગાય છે'
લોકો ઘોડાને ગાતો જોવા ગયા,
ત્યારે તંબુમાં ઘોડો અને ગાય બાંધેલા હતા.

## કબીર વાણી

**બડા હુઆ તો ક્યા હુઆ, જૈસે પેડ ખજૂર,**
**પંથી કો છાયા નહીં, ફલ લાગે અતિ દૂર.**

**- અર્થાત-**

ખજૂરના ઝાડ જેવા મોટા થવાથી શું ફાયદો? જે કોઈને છાંયડો આપી શકતું નથી અને જેના ફળ પણ ખૂબ ઊંચાઈ પર હોવાથી મેળવવા મુશ્કેલ છે. માણસ મોટો નહીં, પણ પરોપકારી હોવો જોઈએ.

## આજનો દિન વિશેષ

### રાજગોપાલ રાજ રેડ્ડી

ડબ્બલા રાજગોપાલ ''રાજ'' રેડ્ડી (જન્મ ૧૩ જૂન ૧૯૩૭) એક ભારતીય મૂળના અમેરિકન કમ્પ્યુટર વૈજ્ઞાનિક છે. તેઓ કૃત્રિમ બુદ્ધિમત્તાના શરૂઆતના પ્રણેતાઓમાંના એક છે અને ૫૦ વર્ષથી વધુ સમયથી સ્ટેનફોર્ડ અને કાર્નેગી મેલોનની ફેકલ્ટીમાં સેવા આપી છે. તેઓ કાર્નેગી મેલોન યુનિવર્સિટીમાં રોબોટિક્સ ઈન્સ્ટિટ્યૂટના સ્થાપક ડિરેક્ટર હતા. ઓછી આવક ધરાવતા, હોશિયાર, ગ્રામીણ યુવાનોની શૈક્ષણિક જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે તેમણે ભારતમાં રાજીવ ગાંધી યુનિવર્સિટી ઓફ નોલેજ ટેક્નોલોજીસની રચના કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેઓ હૈદરાબાદ સ્થિત ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફર્મેશન ટેક્નોલોજીના સ્થાપક ચેરમેન હતા. તેમણે અને એડવર્ડ ફીજેનબૌમે કૃત્રિમ બુદ્ધિમત્તાના ક્ષેત્રમાં તેમના કાર્ય માટે ૧૯૯૪નો એસીએમ ટ્યુરિંગ એવોર્ડ જીત્યો હતો, જેને ક્યારેક કમ્પ્યુટર સાયન્સના નોબેલ પુરસ્કાર તરીકે ઓળખવામાં આવે છે. રેડ્ડી ટ્યુરિંગ એવોર્ડ મેળવનાર એશિયન મૂળના પ્રથમ વ્યક્તિ હતા. રાજ રેડ્ડીનો જન્મ હાલના આંધ્રપ્રદેશ, ભારતના ચિત્તૂર જિલ્લાના કટુર ગામમાં એક તેલુગુ પરિવારમાં થયો હતો. તેમના પિતા, શ્રીનિવાસુલુ રેડ્ડી, જમીનમાલિક હતા, અને તેમની માતા, પિચ્ચમ્મા, ગૃહિણી હતી. તેઓ તેમના પરિવારમાં કોલેજમાં ભણનારા પ્રથમ વ્યક્તિ હતા. કોલેજ ઓફ એન્જિનિયરિંગ, ગિન્ડી (હાલમાં અન્ના યુનિવર્સિટી, ચેન્નાઈ, મદ્રાસ યુનિવર્સિટી સાથે જોડાયેલ) માંથી સિવિલ એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી મેળવ્યા પછી, તેઓ ઈન્ટર્ન તરીકે ઓસ્ટ્રેલિયા ગયા. ન્યુ સાઉથ વેલ્સ યુનિવર્સિટીમાં વિદ્યાર્થી તરીકે, તેમણે અંગ્રેજી ઈલેક્ટ્રિક ડ્યુસ માર્ક II કમ્પ્યુટર (વેક્યુમ ટ્યુબ, પંચ કાર્ડ I/O સાથે મર્ક્યુરી ડિલે લાઇન મેમરી) નો ઉપયોગ કરવાનું શરૂ કર્યું. ૧૯૬૦ માં UNSW માંથી MTech ડિગ્રી મેળવ્યા પછી, તેઓ IBM માં જોડાયા જ્યાં તેમણે એપ્લાઇડ સાયન્સ પ્રતિનિધિ તરીકે કામ કર્યું. ૧૯૬૩ માં તેઓ સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં જોડાયા, ૧૯૬૬ માં જોન મેકકાર્થી હેઠળ AI માં પ્રથમ PhD તરીકે સ્નાતક થયા. સ્ટેનફોર્ડ ખાતે ફેકલ્ટીમાં ૩ વર્ષ કામ કર્યા પછી, તેઓ AI ના પ્રણેતા એલન નેવેલ અને હર્બ સિમોન સાથે કામ કરવા માટે કાર્નેગી મેલોન યુનિવર્સિટીમાં જોડાયા.

## વાર્તા : માટલામાં બુદ્ધિ

એક વખત અકબર રાજા પોતાના હાસ્યરત્ન બિરબલ પર અત્યંત ગુસ્સે થયાં અને આવેશમાં આવી જઈને તેમણે બિરબલને રાજ્યને છોડીને ચાલ્યા જવાનું કહ્યું. રાજાની આજ્ઞા સ્વીકારીને બિરબલ રાજ્ય છોડીને ચાલ્યો ગયો અને કોઈ એક ગામમાં અજ્ઞાત વેશે એક ખેડૂતની વાડીમાં કામ કરવા માંડ્યો.

આ બાજુ અકબરને પણ પોતાના રાજ્યમાં બિરબલની ખોટ વર્તાવા લાગી. અકબરે પોતાના સૈનિકોને બિરબલને શોધવા મોકલ્યાં પરંતુ બિરબલનો ક્યાંય પતો ન લાગ્યો. બિરબલ ક્યાં છે તે કોઈ પણ જાણતું ન હતું. આખરે અકબરે એક યુક્તિ શોધી કાઢી. તેણે રાજ્યમાં ગામે-ગામ ઢોલ પિટાવ્યો. દરેક ગામના વડાને સંદેશો મોકલ્યો કે, તમારા ગામમાંથી એક મહિનાની અંદર માટલું ભરીને બુદ્ધિ બાદશાહને મોકલી આપો. બુદ્ધિ મોકલી ન શકાય તો હિરા-ઝવેરાત ભરીને મોકલવા. આ સંદેશો બિરબલ જે ગામમાં છુપા વેશે રહેતો હતો ત્યાં પણ પહોંચ્યો. તે ગામના લોકો ભેગા થયાં. બધા ચર્ચા કરવા લાગ્યા કે હવે શું કરવું?

બુદ્ધિ કોઈ વસ્તુ નથી કે, તેને માટલામાં ભરીને મોકલી શકાય. વળી બુદ્ધિના સ્થાને આટલા બધા હિરા-ઝવેરાત લાવવા કયાથી? આ બધી વાત સાંભળી બિરબલે કહ્યું, માટલું મને આપી દો, હું એક મહિનાની અંદર તેમાં બુદ્ધિને ભરી આપીશ. બધાએ બિરબલની વાત સ્વીકારી લીધી. બિરબલ માટલું લઈ વાડીમાં ગયો. વાડીમાં તરબુચ વાવેલા હતાં. બિરબલે એક નાના તરબુચને વેલામાંથી તોડ્યા વગર માટલામાં રાખી દીધું. બાદમાં બિરબલ રોજ માટલાવાળા તરબુચના વેલાનું ખાસ ધ્યાન રાખવા માંડ્યો. તે વેલાને નિયમીત પાણી અને ખાતર નાખવા લાગ્યો. થોડા દિવસમાં તે તરબુચ માટલાની અંદર વિકાસ પામી એટલું બધુ મોટું થઈ ગયું કે તેને માટલામાંથી બહાર કાઢવું અશક્ય થઈ ગયું. માટલાની અંદર તે તરબુચ લગભગ માટલા જેવડું થઈ ગયું હતું. બિરબલે વેલામાંથી તરબુચને કાપીને માટલા સાથે અલગ કરી લીધું. બાદમાં તે માટલાને તરબુચ સાથે બાદશાહને મોકલ્યું સાથે સંદેશો પણ મોકલ્યો કે, માટલામાંથી બુદ્ધિને માટલું ફોડ્યા વગર અને બુદ્ધિને કાપ્યા વગર કાઢીને માટલાને પાછું મોકલવું.

અકબર તરબુચને માટલામાં જોઈને સમજી ગયા કે આ કામ ફક્ત બિરબલ કરી શકે. અકબર ખુદ તે ગામમાં આવ્યા અને બિરબલને સમજાવીને પોતાના દરબારમાં પાછો લઈ ગયાં.

# વલસાડમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન-૨૦૨૬ અંતર્ગત ભવ્ય બેઠક યોજાઈ







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૨**

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, પ્રદેશ સંગઠનના મહામંત્રી શ્રી રત્નાકરજી, પ્રદેશ મહામંત્રી અને દક્ષિણ ઝોનના પ્રભારી શ્રી પ્રશાંતભાઈ કોરાટની સૂચના અને માર્ગદર્શન મુજબ આજરોજ વલસાડ જિલ્લા પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારાની અધ્યક્ષતા અને પ્રદેશ આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિમાં આગામી પ્રશિક્ષણ વર્ગોના સુચારૂ આયોજન અંગે વિસ્તૃત ચર્ચા થઈ, ધારાસભ્યો, સ્થાનિક સ્વરાજ્યના પદાધિકારીઓ અને સંગઠનના હોદ્દેદારોએ ઉત્સાહભેર ભાગ લીધો, ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનને વધુ મજબૂત અને કાર્યકર્તાઓને વૈચારિક રીતે સજ્જ કરવાના હેતુથી સમગ્ર રાજ્યમાં પ્રશિક્ષણ વર્ગોનું આયોજન કરવામાં આવી રહ્યું છે જેના ભાગરૂપે, પંડિત દીનદયાળ ઉપાધ્યાય 'પ્રશિક્ષણ મહાઅભિયાન-૨૦૨૬' અંતર્ગત વલસાડ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે એક અત્યંત મહત્વની બેઠક યોજાઈ હતી, આ બેઠક વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી.

આ પ્રસંગે પ્રશિક્ષણ મહાઅભિયાનના પ્રદેશ સહ-સંયોજક શ્રી રાજેશભાઈ દેસાઈ તેમજ પ્રદેશ ઉપાધ્યક્ષ અને ધરમપુરના લોકપ્રિય ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ઉપસ્થિત કાર્યકર્તાઓને માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું.

બેઠકમાં સંગઠનાત્મક વિષયો અને આગામી પ્રશિક્ષણ વર્ગોના સુચારૂ સંચાલન અંગે વિસ્તૃત રોડમેપ તૈયાર કરવામાં આવ્યો હતો. આ તકે ભાજપા પ્રદેશ મંત્રી શ્રીમતી સોનલબેન સોલંકી, જિલ્લા મહામંત્રીઓ શ્રી કમલેશભાઈ પટેલ અને શ્રી નિખિલભાઈ ચોકસી, વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ, પ્રદેશ એસ.ટી.મોરચાના મહામંત્રી શ્રી મહેન્દ્રભાઈ ચૌધરી, પ્રદેશ લઘુમતી મોરચાના ઉપાધ્યક્ષ શ્રી ઈલિયાસભાઈ મલેક, પ્રદેશ એસ.ટી. મોરચાના મંત્રી શ્રી વિલાસભાઈ ઠાકરે, પ્રદેશ યુવા મોરચાના કોષાઅધ્યક્ષ શ્રી ધ્રુવીનભાઈ પટેલ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા

**વૈચારિક મજબૂતી એ જ ભાજપની તાકાત :** બેઠકમાં વક્તાઓએ જપાવ્યુ હતું કે, પ્રશિક્ષણ વર્ગો એ કાર્યકર્તાઓના ઘડતરની પાઠશાળા છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાયના અંત્યોદયના વિચારને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે કાર્યકર્તાઓનું પ્રશિક્ષણ અનિવાર્ય છે

આ અગત્યની બેઠકમાં નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ,વલસાડ જિલ્લાના તમામ મંડળના પ્રમુખો અને મહામંત્રીઓ, જિલ્લા મોરચાના પ્રમુખો-મહામંત્રીઓ, પ્રશિક્ષણ વર્ગના જિલ્લા તેમજ મંડળના ઈન્ચાર્જશ્રીઓ, અને અપેક્ષિત શ્રેણીના તમામ ઉત્સાહી કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર બેઠક ખૂબ જ સકારાત્મક માહોલમાં સંપન્ન થઈ હતી અને આગામી દિવસોમાં યોજાનારા પ્રશિક્ષણ વર્ગોને વલસાડ જિલ્લામાં અભૂતપૂર્વ સફળતા અપાવવા માટે તમામ કાર્યકર્તાઓએ સંકલ્પ લીધો હતો.

### ૧૨વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના

# આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં ચીખલી ખાતે જનકલ્યાણ શિબિર યોજાઈ








**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) નવસારી, તા.૧૨**

## નાગરિકોને સરળ, ઝડપી અને પારદર્શક સેવાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી વિવિધ વિભાગોના સ્ટોલ કાર્યરત કરાયા

દેશના વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં '૧૨વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના' અભિયાન અંતર્ગત નવસારી જિલ્લાના ચીખલી ગ્રામ પંચાયત ખાતે જનકલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ, ખાદી અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી નરેશભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

મંત્રીશ્રી નરેશભાઈ પટેલે જનકલ્યાણ શિબિરની મુલાકાત લઈ વિવિધ વિભાગો દ્વારા ઉભા કરવામાં આવેલા સ્ટોલની મુલાકાત કરી હતી તેમજ લાભાર્થીઓ સાથે સંવાદ સાધી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો અંગે માહિતી મેળવી હતી. તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા સામાન્ય નાગરિકોને સરળતાથી અને સમયસર સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે વિવિધ પ્રજાલક્ષી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. જનકલ્યાણ શિબિરોના માધ્યમથી નાગરિકોને એક જ સ્થળે વિવિધ સેવાઓ ઉપલબ્ધ થવાથી તેમની સમસ્યાઆનું ઝડપી નિરાકરણ શક્ય બન્યું છે.

જન કલ્યાણ શિબિરમાં આવકના દાખલા, રેશનકાર્ડમાં સુધારા, આયુષ્માન ભારત યોજના, આયુષ્માન વય વંદના યોજના, પીએમ સ્વનિધિ યોજના, પીએમ સૂર્ય ઘર યોજના, લખપતિ દીદી યોજના, ગંગાસ્વરૂપા સહાય યોજના, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, મુખ્યમંત્રી લક્ષ્મી યોજના સહિત વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે માર્ગદર્શન અને લાભો પૂરા પાડવામાં આવ્યા હતા.

જનકલ્યાણ શિબિરનો લાભ લેવા માટે મોટી સંખ્યામાં નાગરિકોએ ઉપસ્થિત રહી વિવિધ સરકારી સેવાઓનો લાભ મેળવ્યો હતો.

તંત્ર દ્વારા વધુમાં વધુ નાગરિકોને આવી જનકલ્યાણ શિબિરોનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના પદાધિકારીઓ, તાલુકા પંચાયતના પ્રતિનિધિઓ, વિવિધ વિભાગોના અધિકારીઓ-કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### ટ્રાયફેક્ટાએ ગિફ્ટ સિટી આઈપીઓ માટે અરજી કરી

# ભારતમાં લિસ્ટ થનારી અમેરિકામાં હેડક્વાર્ટર ધરાવતી પ્રથમ કંપની બનશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સુરત, તા.૧૨**

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત સ્પેશિયલાઇઝ્ડ વર્કફોર્સ અને ટેક્નોલોજી સોલ્યુશન્સ પૂરા પાડતી કંપની ટ્રાયફેક્ટા ઈન્કોર્પોરેશને ("Tryfacta") ગુજરાતના ગિફ્ટ સિટીમાં આવેલા એક્સચેન્જ પર તેના સૂચિત આઈપીઓ માટે ઈન્ટરનેશનલ ફાઇનાન્શિયલ સર્વિસીસ સેન્ટર્સ ઓથોરિટી (આઈએફએસસીએ) સમક્ષ ડ્રાફ્ટ ઓફર ડોક્યુમેન્ટ (DOD) ફાઈલ કર્યુ છે. કંપની અમેરિકામાં ફેડરલ ગવર્મેન્ટ તેમજ રાજ્ય, સ્થાનિક અને શિક્ષણ ("SLED") ક્ષેત્રની સરકારી એજન્સીઓને પોતાની સેવાઓ પૂરી પાડે છે.

કંપનીના શેર્સનું લિસ્ટિંગ થયા બાદ ટ્રાયફેક્ટા ગિફ્ટ સિટી માળખા હેઠળ ભારતમાં લિસ્ટ થનારી અમેરિકામાં હેડક્વાર્ટર ધરાવતી પ્રથમ વિદેશી કંપની બની શકે છે. પ્રસ્તાવિત આઈપીઓમાં ૧૩.૩ મિલિયન સુધીના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ અને વેચાણકર્તા શેરધારક રતિકા ત્યાગી દ્વારા ૩.૦ મિલિયન સુધીના ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. આ ઈશ્યૂ અમેરિકન ડોલરમાં હશે અને કંપનીના શેર એનએસઈ આઈએફએસસી લિમિટેડ (NSE IX) તથા ઈન્ડિયા ઈન્ટરનેશનલ એક્સચેન્જ (India INX) પર લિસ્ટ કરવાની યોજના છે. યોકી ફાઈનાન્શિયલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ આ ઈશ્યૂની બુક રનિંગ લીડ મેનેજર છે.૧૯૯૬માં સ્થપાયેલી કંપનીનું હેડક્વાર્ટર કેલિફોર્નિયાના ડબ્લિન શહેરમાં આવેલું છે. કંપનીનું નેતૃત્વ રતિકા ત્યાગી અને આદેશ ત્યાગી કરે છે.

શરૂઆતમાં કંપની હેલ્થકેર, આઈટી અને કોમર્શિયલ સ્ટાફિંગ તથા સેવાઓ આપતી હતી પરંતુ હવે તે રિક્રૂટમેન્ટથી લઈને પેરોલ મેનેજમેન્ટ સુધીના સંપૂર્ણ વર્કફોર્સ સોલ્યુશન પ્રદાન કરતી કંપની બની છે. તેની સેવાઓ હેલ્થકેર, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, એડમિનિસ્ટ્રેટિવ અને પ્રોફેશનલ-સર્વિસીસ જેવા ક્ષેત્રોમાં ઉપલબ્ધ છે.કંપનીનો બિઝનેસ ટેક્નોલોજી આધારિત ઓપરેટિંગ મોડલ પર આધારિત છે, જેમાં એઆઈસંચાલિત રિક્રૂટમેન્ટ ટૂલ્સ, ઉમેદવારોની ઓટોમેટિક પદ્ધતિથી ચકાસણી, ડિજિટલ ઓનબોર્ડિંગ અને વર્કફોર્સ મેનેજમેન્ટ પ્લેટફોર્મનો ઉપયોગ થાય છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**દમણના ઔદ્યોગિક...**

તેમણે ઔદ્યોગિક સંગઠનો અને ઉદ્યોગોને સારવાર પ્રોટોકોલ લાગુ કરવામાં મદદ કરવા અને તેનું ઉલ્લંઘન કરનારાઓ સામે કાર્યવાહી કરવાની જરૂરિયાત પર ભાર મુક્યો હતો.

કન્સલ્ટન્ટ શ્રી વિશાલ દામાલિયાએ કાયદાકીય મુદ્દાઓ અને પાલન ન કરવા બદલ દંડ સમજાવ્યો અને પ્રોટોકોલ અનુસાર ઉદ્યોગોમાં તાત્કાલિક કાર્યવાહી કરવાની વિનંતી કરી હતી. તેમણે ઉદ્યોગોમાં વેક્ટર-જન્ય રોગ નિયંત્રણ માટે દૈનિક પ્રવૃત્તિઓની વિગતો આપતું ફોર્મ કેવી રીતે ભરવું તે અંગે પણ માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં દમણ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના શ્રી શ્યામ શેટ્ટી, મેલેરિયા ઈન્સ્પેક્ટર શ્રી હર્ષદભાઈ અને ફાઈલેરિયા ઈન્સ્પેક્ટર શ્રી મેહુલભાઈ હાજર રહ્યા હતા.

મચ્છરોના વિવિધ લાર્વા તબક્કાઓ, મચ્છરોના સંવર્ધન સ્થળો અને લાર્વા નાશક દવાઓનું પ્રદર્શન આપવામાં આવ્યું હતું. વધુમાં, રક્ષણાત્મક ઉપકરણો, પાણીના સ્ત્રોતનું સંચાલન અને મચ્છરજન્ય રોગોને રોકવા માટેના સ્થાનિક પગલાં વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

આરોગ્ય વિભાગે ભાર મૂક્યો હતો કે ઔદ્યોગિક ક્ષેત્રોની ભાગીદારી વેક્ટર-જન્ય રોગોને રોકવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. વિભાગે પાછલા વર્ષોમાં કરવામાં આવેલા સકારાત્મક પ્રયાસોની પ્રશંસા કરી અને ભવિષ્યમાં વધુ સક્રિય ભાગીદારીની આશા વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમ એક ઈન્ટરેક્ટિવ સત્ર સાથે સમાપ્ત થયો જેમાં ઉદ્યોગના પ્રતિનિધિઓએ પાયાના મુદ્દાઓને લગતા પ્રશ્નો પૂછ્યા અને નિષ્ણાતો પાસેથી ઉકેલો મેળવ્યા હતા. આ તાલીમ સત્ર ફક્ત ટેકનિકલ માહિતી પૂરતું મર્યાદિત ન હતું, પરંતુ સામૂહિક જવાબદારી અને સહિયારા દ્રષ્ટિકોણ તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું હતું, જ્યાં ઉદ્યોગ અને સરકાર સ્વસ્થ ભવિષ્ય માટે સાથે મળીને કામ કરી રહ્યા છે.

જો તમને તાવ આવે, તો તમારી નજીકની હોસ્પિટલમાં તમારા રક્ત પરીક્ષણ કરાવો અને તમારા ડૉક્ટર દ્વારા નિર્દેશિત દવાઓ જ લો.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**કર્મચારીને બરતરફ...**

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે ભ્રષ્ટાચાર, લાંચ લેવી, નૈતિક અધઃપતન, નાણાંની ઉચાપત, નોકરીદાતાને મોટું આર્થિક નુકસાન પહોંચાડવું, સેવા ચાલુ રાખવા માટે સંપૂર્ણ અયોગ્યતા દર્શાવતું વર્તન જેવા ગંભીર કિસ્સામાં બરતરફી યોગ્ય હોઈ શકે છે. જ્યાં ભ્રષ્ટાચાર, નાણાકીય ગેરરીતિ કે નોકરીદાતાને સાબિત થયેલું નુકસાન ન હોય અને કર્મચારીની લાંબી સેવા દરમિયાન નોંધપાત્ર ખરાબ રેકોર્ડ પણ ન હોય, ત્યાં સત્તાવાળાઓએ વિચારવું જોઈએ કે ઓછી કડક સજા દ્વારા ન્યાય થઈ શકે છે કે નહીં.જુલાઈ ૨૦૧૭ના બરતરફીના આદેશને સંપૂર્ણપણે અપ્રમાણસર ગણાવી રદ્દ કરતાં કોર્ટે જણાવ્યું હતું કે મહિલા કર્મચારી એપ્રિલ ૧૯૮૫માં નોકરીમાં જોડાઈ હતી.

સપ્ટેમ્બર ૨૦૦૬માં તેમની સામે વિભાગીય તપાસ શરૂ થતાં તેમને સસ્પેન્ડ કરાયાં હતાં. સસ્પેન્ડ કરવાના આદેશમાં શિસ્તભંગ, વરિષ્ઠ અધિકારીઓની અવગણના, આદેશનું પાલન ન કરવું. સત્તાવાર દસ્તાવેજોમાં ચેડાં કરવાં, બેદરકારી જેવા આરોપો મુકાયા હતાં. તેઓ લગભગ ૧૧ વર્ષ સુધી સસ્પેન્ડ રહ્યા બાદ જુલાઈ ૨૦૧૭માં તેમને નોકરીમાંથી બરતરફ કરાયા હતાં. મહિલાએ બોમ્બે હાઈકોર્ટમાં સત્તાવાળાના આદેશને પડકાર્યો હતો. હાઈકોર્ટે બરતરફીના આદેશને યથાવત રાખ્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે નોકરીમાંથી બરતરફી કર્મચારી અને નોકરીદાતા વચ્ચેનો સંબંધ કાયમ માટે સમાપ્ત કરી દે છે. તે કર્મચારીને નિવૃત્તિ લાભો સહિત ભૂતકાળની સેવાના અનેક હકોમાંથી પણ વંચિત કરી શકે છે. બરતરફી માત્ર કર્મચારીની આવકનો સ્ત્રોત જ છીનવી લેતી નથી, પરંતુ તેના પર નિર્ભર પરિવારજનોને પણ અસર કરે છે. તેથી તેનો વિનાશક પ્રભાવ સમગ્ર પરિવાર પર પડે છે. આટલી ગંભીર અસરને ધ્યાનમાં રાખીને શિસ્તભંગ બદલ સત્તાધિકારીઓએ બરતરફી જેવી સૌથી કઠોર સજા ફટકારતા પહેલાં ખૂબ જ સાવધાની રાખવી જોઈએ. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે કર્મચારી હવે નિવૃત્તિની ઉંમર પાર કરી ચૂક્યાં હોવાથી તેમની પુનઃ નિયુક્તિનો આદેશ આપી શકાય નહીં. કોર્ટે સંબંધિત સત્તાવાળાઓને બરતરફી સિવાયની અન્ય યોગ્ય સજા અંગે વિચારવા જણાવ્યું હતું.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**દમણની પરિયારી...**

આજુબાજુના ગામના ઉપસ્થિત ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના લાભો, આધુનિક પદ્ધતિઓ તેમજ સરકાર દ્વારા ઉપલબ્ધ વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સાથે ઉપસ્થિત ખેડૂત ભાઈઓ અને બહેનોને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા.

દમણ જિલ્લા ભાજપ કિસાન મોર્ચાના પ્રમુખ શ્રી રાજેશભાઈ પટેલના નેતૃત્વમાં આયોજિત આ કાર્યક્રમમાં પ્રદેશ કિસાન મોર્ચાના પ્રમુખ શ્રી ઉત્તમભાઈ પટેલ, દમણ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ધરમભાઈ પટેલ, દમણ નગરપાલિકા પ્રમુખ શ્રીમતી દીપિકાબેન ટંડેલ, આંટિયાવાડ વિભાગના દમણ જિલ્લા પંચાયત સભ્ય તથા પ્રદેશ ભાજપ કિસાન મોર્ચાના પ્રભારી શ્રી ધનસુખ પટેલ, શ્રી શંકરભાઈ પટેલ, શ્રી વિજય પટેલ, શ્રીમતી વર્ષિકાબેન પટેલ સહિત મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**હવેલી ઈન્સ્ટીટ્યૂટ ઓફ....**

આ પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરીને સંસ્થાને ગૌરવ અપાવનાર વિદ્યાર્થીઓમાં (૧) નાયક કેયુર અશોકકુમાર નીતાએ સીજીપીઆઈ ૮.૪૩/એસજીપીઆઈ ૯.૦૦, (૨) વર્મા રાધિકા રાજકુમાર સંતરા દેવી સીજીપીઆઈ ૭.૮૯/એસજીપીઆઈ ૮.૮૦ અને (૩)તિવારી વિષ્ણુકાંત જયપ્રકાશ સાવિત્રીદેવી સીજીપીઆઈ ૭.૮૯/એસજીપીઆઈ ૮.૪૦ મેળવી સફળતા પ્રાપ્ત કરી છે.

સિદ્ધિ બદલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી ફત્તેહસિંહ ચૌહાણે વિદ્યાર્થીઓને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, આ સફળતા ફક્ત એક ઉત્તમ પરિણામ નથી, પરંતુ શિસ્ત સખત મહેનત અને ઉત્તમ શિક્ષણ માટેનો અર્થપૂર્ણ પુરસ્કાર છે. અમને વિશ્વાસ છે કે અમારા વિદ્યાર્થીઓ કાયદાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન આપશે અને સમાજ ન્યાય વ્યવસ્થા અને રાષ્ટ્રના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. કોલેજના પ્રિન્સિપાલ સહિત મેનેજમેન્ટ કમિટીના સભ્ય અને તમામ ફેકલ્ટી અને સ્ટાફે વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

# રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વલસાડ જિલ્લાના ધો.૧૦-૧૨ના ૫૩૫ તેજસ્વી તારલાનો સન્માન સમારોહ યોજાયો

## આદિવાસી દીકરા-દીકરી આઈઆઈટી સુધી પહોંચ્યા છે, તે મોટી સિદ્ધિ છેઃ મંત્રી નરેશભાઈ પટેલ




## આજનો સમય ભણતરની સાથે સોફ્ટ સ્કિલ અને કોમ્યુનિકેશન સ્કીલનો છેઃ સાંસદ ધવલભાઈ પટેલ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૨**

રાજ્યના આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ તેમજ વલસાડ જિલ્લા પ્રભારી મંત્રીશ્રી નરેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વલસાડ જિલ્લામાં ધો.૧૦ અને ધો. ૧૨ બોર્ડની સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં શાળા કક્ષાએ પ્રથમ અને એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનો ‘‘તેજસ્વી તારલા સન્માન સમારોહ’’ ધરમપુર સ્થિત શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ખાતે યોજાયો હતો.

સમારોહમાં આદિજાત વિકાસમંત્રી શ્રી નરેશભાઈ પટેલ, વલસાડ-ડાંગના સાંસદશ્રી અને લોકસભાના દંડકશ્રી ધવલભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન જે.પટેલ, ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલ સહિત મહાનુભાવોના હસ્તે ધો.૧૦ના ૨૭૫, ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના ૯૩ અને ધો. ૧૨ સામાન્ય પ્રવાહના ૧૬૭ મળી કુલ ૫૩૫ તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું હતું.

વલસાડ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા આયોજિત અને ધરમપુર શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના સૌજન્યથી યોજાયેલા આ સમારોહને સંબોધન કરતા આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી પદે હતા ત્યારથી તેમણે શિક્ષણ ક્ષેત્રે કન્યા કેળવણી અને વિવિધ યોજનાઓ શરૂ કરાવી હતી જેને પગલે દીકરીઓ ખૂબ જ સારૂં; શિક્ષણ મેળવી રહી છે. જેનું પરિણામ આજે અહીં જોવા મળી રહ્યું છે. દિકરીઓમાં શિક્ષણનું પ્રમાણ વધું છે. દીકરાઓએ પણ ભણતર પાછળ ખૂબ ધ્યાન આપવું પડશે.

રાજ્ય સરકાર દ્વારા આદિવાસી બાળકોના શિક્ષણ માટે વિશેષ જોગવાઈઓ હોવાનું જણાવી મંત્રીશ્રીએ કહ્યું કે, દીકરીઓને ફ્રીમાં શિક્ષણ મળે છે પરંતુ દીકરાઓને યોજનાના લાભ માટે વાલીની આવક મર્યાદા અઢી લાખની હતી તે દૂર કરીને રૂ. ૬ લાખ કરી છે. જેથી વધુ દીકરાઓ સરકારની યોજનાનો લાભ લઈ શિક્ષણ મેળવી આત્મનિર્ભર બની શકે છે. સ્કૂલ અને કોલેજમાં સારામાં સારી સુવિધા મળી રહી છે. શિક્ષણ સુવિધાના કારણે આદિવાસી દીકરા-દીકરી આઈઆઈટી સુધી પહોંચ્યા છે, તે મોટી સિધ્ધિ છે. વાલીઓ અને શિક્ષકોએ વિદ્યાર્થીઓને કઈ દિશામાં લઈ જવું જોઈએ તે માર્ગદર્શિત કરવું જોઈએ. કેળવણી સાથેનું શિક્ષણ ખૂબ જ જરૂરી છે. બાળકો ગ્લોબલ સિટિઝન છે, ત્યારે આગામી ૨૫-૩૦ વર્ષ પછીનું ભવિષ્ય શું છે તેને ધ્યાનમાં રાખી આત્મનિર્ભર બનાવા તરફ આગળ વધવું જોઈએ.

રોજગારીનો ઉલ્લેખ કરી મંત્રીશ્રીએ કહ્યું કે, આપણુ ગુજરાત અન્ય રાજ્યના લોકોને ૩૫થી ૩૭ ટકા રોજગારી આપી રહ્યું છે ત્યારે આપણા પાસે તો રોજગારીની વિપુલ તકો છે. સરકારી નોકરી માત્ર પાંચ ટકા લોકોને મળે છે પરંતુ સ્કીલ હશે તો કરોડો રૂપિયાના પેકેજ પણ મળે છે અને પોતાના ધંધા રોજગાર સ્થાપી આત્મનિર્ભર પણ બની શકે છે.

વલસાડ-ડાંગના સાંસદશ્રી અને લોકસભાના દંડકશ્રી ધવલભાઈ પટેલે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું કે, વર્ષ ૧૯૬૦માં ગુજરાત અને મહારાષ્ટ્ર છૂટું પડ્યા બાદ ઉમરગામથી અંબાજી સુધીની આદિવાસી પટ્ટી પર સાયન્સની સ્કૂલ ન હતી, વિદ્યાર્થીઓ ડોકટર કે એન્જિનિયર બની શકતા ન હતા. નરેન્દ્રભાઈ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા બાદ ઝુંબેશના ધોરણે સાયન્સની સ્કૂલો ચાલું કરતા આજે લાખો આદિવાસી બાળકો ડોક્ટર અને એન્જિનિયર બની રહ્યા છે. વડાપ્રધાનશ્રીના વિઝનના કારણે સારામાં સારૂં શિક્ષણ આજે મળી રહ્યું છે. જીવન કેવી રીતે જીવવું એ શિક્ષણ શીખવે છે. જેથી રોડમેપ બનાવી ઉજ્જવળ કારકિર્દી માટે આગળ વધવું જોઈએ. આજનો સમય ભણતરની સાથે સોફ્ટ સ્કીલ અને કોમ્યુનિકેશન સ્કીલનો છે. દર પાંચ વર્ષે ટેકનોલોજી બદલાઈ છે તેમ આપણે પણ નવી નવી સ્કીલ શીખવાની જરૂર છે. સાંસદશ્રીએ વિદ્યાર્થીઓને મોબાઈલનો ભણતર માટે સદ્ઉપયોગ કરવા શીખ આપી ઓનલાઈન ગેમિંગ તરફ ક્યારેય ન વળવા અનુરોધ કર્યો હતો.

વલસાડ જિલ્લા કલેક્ટરશ્રી નીતિન સાંગવાને વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે, રાજ્ય સરકાર શિક્ષણ પ્રત્યે ખૂબ જ ગંભીર છે. આજના સમયમાં વોકેશનલ કોર્સનું મહત્વ વધી રહ્યું છે. આચાર્યોએ પણ સોફ્ટ સ્કીલ ઉપર ભાર આપવો જોઈએ. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના ટ્રસ્ટી સંજયભાઈ ટોલિયાએ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ડો.રાજેશ્રી ટંડેલે સ્વાગત પ્રવચન કર્યું હતું.

આ સમારોહમાં તાલુકા પંચાયતના પ્રમુખશ્રી શકુંતલાબેન ચૌધરી, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંતભાઈ કંસારા, પ્રોબેશનર આઈ.એ.એસ. પિયુષભાઈ ઘટાલા, રાજચંદ્ર આશ્રમના આત્મપિત કોઠારી, વિદ્યાર્થીઓ, વાલીઓ અને આચાર્યોશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ મોડલ સ્કૂલ માલનપાડાના આચાર્યાશ્રી વર્ષાબેન પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક તારેશ સોનીએ કર્યું હતું.

કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને

# પારડીના ઉમરસાડી ખાતે ‘એક પેડ માઁ કે નામ’ કાર્યક્રમ યોજાયો




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૨**

પારડી તાલુકાના ઉમરસાડી દેસાઈવાડ ખાતે નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને ‘એક પેડ માઁ કે નામ’ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મંત્રીશ્રીની સાથે સાથે વાપી મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન સતિષભાઈ પટેલ સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કર્યું હતું. મંત્રીશ્રી દ્વારા સ્વચ્છતાનો સંદેશો પાઠવી દરેક લોકોને સ્વચ્છતા અભિયાનમાં સહભાગી બનવા પ્રેરિત કરવામાં આવ્યા હતા.

# વેસ્મા નજીક સંદલપોર ગામે ઉભરાટ બ્રાન્ચ કેનાલની સરકારી જમીન પર થયેલ ગેરકાયદેસર દબાણ દૂર કરાયું




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) નવસારી, તા.૧૨**

નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના મોજે સંદલપોર ગામ ખાતે અંબિકા સિંચાઈ વિભાગ, નવસારી હસ્તકની વેસ્મા પેટા વિભાગીય કચેરી હેઠળ આવેલી ઉભરાટ બ્રાન્ચ કેનાલની સરકારી જમીન પર થયેલ ગેરકાયદેસર દબાણ સામે નવસારી જિલ્લા કલેક્ટરશ્રી નવસારીના માર્ગદર્શન હેઠળ વિભાગ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વિભાગને પ્રાપ્ત થયેલ રજૂઆતો તેમજ સ્થળ તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, સર્વે નં.૧૮૧ ખાતે કેનાલની બોરોપીટ વિસ્તારમાં પાઈપો નાંખી તેને ઢાંકી દેવામાં આવી હતી તેમજ કેનાલના પાળા ઉપર પુરાણ કરીને રસ્તો બનાવવામાં આવ્યો હતો. આ અંગે સંબંધિત પક્ષને અગાઉ તાંત્રિક સ્ટાફ દ્વારા મૌખિક સૂચના તેમજ લેખિત નોટિસ આપવામાં આવી હતી. તેમ છતાં સૂચનાઓની અવગણના કરીને ગેરકાયદેસર દબાણ યથાવત રાખવામાં આવ્યું હતું.

જે કાર્યવાહીના અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રી, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી તથા મદદનીશ ઈજનેરશ્રી તથા સ્થળ પર હાજર અધિકારી અને કર્મચારી દ્વારા દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૧૦ જૂન ૨૦૨૬થી ૧૨ જૂન, ૨૦૨૬ દરમિયાન સતત ત્રણ દિવસ સુધી હાથ ધરાયેલ કામગીરી દરમિયાન કેનાલની સમાન્તર અંદાજે ૩૫૦ફૂટ લંબાઈમાં કરવામાં આવેલ ગેરકાયદેસર પુરાણ તથા પાઈપો દૂર કરવામાં આવ્યા હતા. ઉપરાંત વરસાદી પાણીના નિકાલ માટે બનાવવામાં આવેલ બોરોપીટને પુનઃખુલ્લી કરવામાં આવી હતી, જેથી વરસાદી પાણીનો કુદરતી વહેણ જળવાઈ રહે અને આસપાસના વિસ્તારમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાય નહીં.

ખેડૂતોને સમયસર અને સુચારૂ સિંચાઈ સુવિધા ઉપલબ્ધ કરાવવી એ વિભાગની પ્રાથમિકતા છે.આથી કેનાલ હસ્તકની સરકારી જમીન પર કોઈપણ પ્રકારનું ગેરકાયદેસર દબાણ અથવા કેનાલના માળખા સાથેની છેડછાડ કોઈપણ સજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં તથા આગામી સમયમાં પણ આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે વિશેષ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે અને સરકારી મિલકત પર દબાણ કરનાર તેમજ કેનાલના માળખાને નુકસાન પહોંચાડનાર તત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, તેમ કાર્યપાલક ઈજનેરશ્રીની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# પારડી આઈટીઆઈમાં વિશ્વ યોગ દિવસ નિમિત્તે વ્યાખ્યાન યોજાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૨**

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત નિયામકશ્રી આયુષની કચેરી ગાંધીનગર દ્વારા પ્રેરિત તથા વલસાડ જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ ૧૨માં વિશ્વ યોગ દિવસના પ્રચાર પ્રસાર અર્થે પારડીની આઈટીઆઈ ખાતે વિદ્યાર્થીઓને ‘‘યોગ અને દૈનિક જીવન, કરો યોગ રહો નિરોગ સંબંધિત’’ પરીસંવાદ યોજી પ્રોટોકોલ અંતર્ગત યોગના લાભાલાભ વિશે, તન, મન અને સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે અને વિશ્વ શાંતિ માટે સૌને સાથે લઈને યોગ પ્રાણાયામ અપનાવી તંદુરસ્ત સમાજની રચના કરવા બાબતે સરકારી આયુર્વેદ ડીસપેન્સરી, પારડીના મેડિકલ ઓફિસર ડો. હેમિલ ડી. પટેલે વ્યાખ્યાન આપ્યું હતું. વધુમાં વધુ લોકોમાં જાગૃતિ આવે અને વધુ લોકો યોગ સાથે જોડાય એ માટે સઘન પ્રયત્ન કરવામાં આવ્યા હતા.

# વલસાડના કોસંબા ગામમાં તાલુકા કક્ષાનો વિશ્વ યોગ દિવસ-૨૦૨૬ કાર્યક્રમ યોજાયો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૨**

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત નિયામકશ્રી આયુષની કચેરી, ગાંધીનગર તથા જિલ્લા આયુર્વેદ શાખા, વલસાડના માર્ગદર્શન હેઠળ તાલુકા કક્ષાનો ૧૨મો વિશ્વ યોગ દિવસ-૨૦૨૬નો કાર્યક્રમ વલસાડના કોસંબા ગામમાં યોજાયો હતો.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના દક્ષિણ ઝોનના કો-ઓર્ડિનેટર પ્રિતિબેન પાંડે દ્વારા આયુષમાન આરોગ્ય મંદિર, મરલાના યોગ ટ્રેનર ચાન્ગુનાબેન અને મનીષભાઈ સાથે મળી યોગ પ્રોટોકોલ અનુસાર યોગાભ્યાસ તથા યોગાસન, પ્રાણાયમ, ધ્યાનને દૈનિક જીવનમાં અપનાવી આ વર્ષની થીમ ‘તંદુરસ્ત વૃધ્ધત્વ માટે યોગ’ થીમ અંગે સમજણ આપી હતી.

જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાનું, કોસંબા, વલસાડના મેડિકલ ઓફિસરશ્રી સ્વાતિ ચૌધરીએ જણાવ્યું કે, યોગ એ સતત અભ્યાસનો વિષય છે. નિયમિત ૧૦ મિનિટ યોગાસન અભ્યાસ શરીર સ્વાસ્થય, ૧૦ મિનિટ પ્રાણાયમ અભ્યાસ મન અને બુધ્ધિના સ્વાસ્થ્ય, ૧૦ મિનિટનું ધ્યાન પોતાના ભીતર રહેલ આત્માની અનુભૂતિ મેળવી સાકારથી નિરાકાર સુધીની યાત્રા છે. શરીર-મન-આત્માનું સંતુલન દૈનિક જીવનમાં સતત જાગૃતિ સાથે નિર્ણય લેવામાં મદદરુપ બને છે. આજના બાળકો અને યુવાનો જો યોગ વિષયક માહિતી પ્રાપ્ત કરે અને જીવનમાં અપનાવશે તો પોતાના જીવન, સ્વાસ્થ્ય, કરિયર અને ભવિષ્યને ઉજ્જવળ બનાવી શકે છે અને સાથે સાથે દેશનું ભવિષ્ય પણ ઉજ્જવળ બનશે. યોગનું ક્ષેત્ર ખૂબ વિશાળ છે, જે માત્ર યોગાસન પૂરતું સીમિત નથી. યોગના સતત અભ્યાસથી જ યોગને સમજી શકાય છે.

આ કાર્યક્રમમાં મેડિકલ ઓફિસર દિવ્યાબેન ઢોડીયા, જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાનુ, ભુતસર, વલસાડ, મેડિકલ ઓફિસર તરલ ગરાસિયા, સરકારી આયુર્વેદ દવાખાનુ, નાની દાંતી, વલસાડ. હોમિયોપેથી મેડિકલ ઓફિસર બિરજુ પટેલ, સરકારી હોમિયોપથી દવાખાનુ, હરિયા, વલસાડ. હો.મે.ઓ. નિકુંજભાઈ ગામીત, સરકારી હોમિયોપથી દવાખાનુ, ડુંગરી, વલસાડ એ સ્ટાફ સહિત હાજરી આપી હતી. કાર્યક્રમના અંતે ‘‘બ્રાહ્મી શંખપુષ્પી હીમ’’ શરબતનું વિતરણ તથા ડાયાબિટિસ, સાંધાના રોગો, પાચન તંત્રના રોગો માટે જરૂરી યોગાસન વિષયક પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કોસંબાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં યોગ કાર્યક્રમ અને યોગ વિષયક જન જાગૃતિ હેતુ ઘર ઘર સુધી ‘‘અષ્ટાંગ યોગ’’ અંગેના પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ઉમરગામના ધનોલીની ૨૦ વર્ષીય પરિણીતા ગુમ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૨**

વલસાડ જિલ્લાના ઉમરગામના ધનોલી ખાતે રહેતા ૨૦ વર્ષીય કમલબેન જયવંતભાઈ કુવરા તા.૦૬/૦૬/૨૦૨૬ના રોજ બપોરે ૧-૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી તેમના પિયર ભિલારી, મૂળાપાડા, ઘોલવડ, તા-ડહાણું, જિ-પાલઘર, મહારાષ્ટ્ર જાઉં છું એમ કહી ને નીકળ્યા બાદ આજદિન સુધી પરત ફર્યા નથી. ગુમ કમલ મધ્યમ બાંધો, ઘઉંવર્ણ અને આશરે ૫ ફૂટ ઉંચાઈ ધરાવે છે. તેમણે જાંબલી કલરનો ડ્રેસ પહેરેલો હતો. તેઓ મરાઠી અને હિન્દી ભાષા જાણે છે. જો કોઈને પણ આ મહિલાની ભાળ મળે તો ભીલાડ પોલીસ સ્ટેશનનો નં.૯૯૭૪૬૯૭૯૧૩, પોલીસ કંટ્રોલ રૂમ નં.-૦૨૬૩૨-૨૫૩૩૩૩/૨૪૨૯૦૦ અને ઈ-મેઈલ એડ્રેસ sp-val@gujarat.gov.in પર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# રજ્યના આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે ધરમપુર સાયન્સ સેન્ટરમાં સરકારની સિધ્ધિઓના પ્રદર્શનને ખુલ્લું મુકાયું: પ્રદર્શન તા.૧૪ જૂન સુધી ખુલ્લું રહેશે

## ૧૨ વર્ષ દરમિયાન થયેલા વિકાસ કાર્યો, કલ્યાણકારી યોજનાઓની ફળશ્રુતિ સહિતની ઝાંખી જોવા સૌને અનુરોધ કરાયો






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૨**

યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સશક્ત નેતૃત્વ હેઠળ સેવા, સુશાસન અને જનકલ્યાણને સમર્પિત સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના ગૌરવપૂર્ણ અવસરે વલસાડ જિલ્લા વહીવટીતંત્ર, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત લલિત કલા અકાદમી, અમદાવાદ અને માહિતી વિભાગના સંયુક્ત ઉપક્રમે જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુરના સૌજન્યથી જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ખાતે ‘‘સરકારની સિધ્ધિઓના પ્રદર્શન’’ને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી અને રાજ્યના આદિજાતિ વિકાસ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ વિભાગના મંત્રીશ્રી નરેશભાઈ પટેલે વલસાડ-ડાંગના સાંસદશ્રી અને લોકસભાના દંડકશ્રી ધવલભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન જે.પટેલ, ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલ સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં ખુલ્લું મુક્યું હતું. પ્રદર્શન નિહાળી પ્રભારી મંત્રીશ્રીએ ખુશી અનુભવી હતી. નાયબ માહિતી નિયામક શ્રી ઉમેશ બાવીસાએ પ્રદર્શન સંબંધી જાણકારી આપી હતી.

આ પ્રસંગે કેબિનેટ મંત્રીશ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું કે, દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સતત ૪૩૯૯ દિવસ વડાપ્રધાન પદે સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. જેની સમગ્ર દેશમાં ઉજવણી થઈ રહી છે. અનેક સ્થળે મહાઆરતીઓ અને પૂજા થઈ રહી છે, વિશ્વભરના લોકો શુભકામના પાઠવી રહ્યા છે. આપણા દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું ભગીરથ કાર્ય તેમણે કર્યું છે. ગરીબના ઘર સુધી પહોંચી તેની સુખાકારીમાં સરકાર કેવી રીતે મદદરૂપ થઈ શકે તે માટે અનેક યોજનાઓ અમલમાં મુકી હતી. લાંબા ગાળાની અનેક યોજનાઓ દ્વારા ગુજરાતમાં ૧૩ વર્ષ અને દેશમાં ૧૨ વર્ષ સુશાસન કરી જનતાની સેવા કરી છે. આ દરમિયાન અનેક પ્રકારની સરકારની સિધ્ધિઓ મેળવી છે જેનું સંકલન કરી એક ભવ્ય પ્રદર્શન તૈયાર કરાયું છે. જે તા.૧૨ થી તા.૧૪ જૂન સુધી સાયન્સ સેન્ટરમાં જોવા મળશે. વલસાડ જિલ્લાની જનતા અને નવી પેઢીએ આ પ્રદર્શન ખાસ જોવું જોઈએ. નરેન્દ્રભાઈ મોદીએ અનેક સારા કાર્યો કર્યા છે તે કાર્યો ઈતિહાસના પાને લખાશે તેમાંથી આપણે સૌ એ પ્રેરણા લેવાની છે. આગામી વર્ષ ૨૦૪૭માં આપણા દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું સપનું વડાપ્રધાનશ્રી જોયું છે તેને સાકાર કરવા માટે આપણે સૌ પણ પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપીએ એવી આશા રાખું છું.

**વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અનેક સારા કાર્યો કર્યા છે તે કાર્યો ઈતિહાસના પાને લખાશે, જેને જાણવા આ પ્રદર્શન અવશ્ય જોવું જોઈએઃ કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ**

વલસાડ-ડાંગના સાંસદશ્રી અને લોકસભાના દંડકશ્રી ધવલભાઈ પટેલે યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સશક્ત નેતૃત્વ હેઠળ સેવા, સુશાસન અને જનકલ્યાણને સમર્પિત સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના ગૌરવપૂર્ણ અવસરે જણાવ્યું કે, આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના વડાપ્રધાન પદે સૌથી વધુ ૪૩૯૯ દિવસ પૂર્ણ કરવાની ઐતિહાસિક સિધ્ધિ હાંસિલ કરી છે. જેનાથી આપણે સૌ ગર્વ અને હર્ષની લાગણી અનુભવીએ છે. તેઓ વિશ્વ નેતા તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યા છે. ૧૨ વર્ષના તેમના શાસન દરમિયાન તેમના પ્રજાલક્ષી વિકાસ કાર્યોની ઝાંખી આ પ્રદર્શનમાં જોવા મળી છે.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન જે.પટેલે વડાપ્રધાનશ્રીના ૧૨ વર્ષ પૂર્ણ થવાના ગૌરવપૂર્ણ અવસરે વિવિધ વિકાસ કાર્યો, કલ્યાણકારી યોજનાઓની ફળશ્રુતિ, યોજનાઓના લક્ષ્યાંકોની સિદ્ધિ અને વિકાસગાથા રજૂ કરતા આ પ્રદર્શનને તા.૧૪ જૂન સુધીમાં નિહાળવા સૌને અનુરોધ કર્યો હતો.

આ પ્રદર્શનના ઉદ્ઘાટન સમારોહમાં જિલ્લા સંગઠન પ્રમુખશ્રી હેમંતભાઈ કંસારા, જિલ્લા સંગઠન મહામંત્રીશ્રી મહેન્દ્ર ચૌધરી, જિલ્લા યુવા વિકાસ અધિકારી હેમાલી જોશી અને જિલ્લા વિજ્ઞાન કેન્દ્રના અધિકારીશ્રી પ્રજ્ઞેશ રાઠોડ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## સરકારે ભવિષ્યમાં ઈંધણની કિંમતોમાં વધારા અંગે સ્પષ્ટતા કરવાનું ટાળ્યું

# દેશમાં પેટ્રોલ-ડિઝલ અને ગેસનો બે મહિનાનો સ્ટોક, ચિંતા ન કરશોઃ સરકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૨**

પશ્ચિમ એશિયામાં સંકટના પગલે દેશમાં પેટ્રોલ-ડિઝલ અને ગેસની ઉપલબ્ધિ બાબતે અનેક નાગરિકો ચિંતિત છે, પરંતુ દેશમાં ઈંધણનું કોઈ સંકટ નથી. સરકારે નાગરિકોને રાહતના સમાચાર આપતાં વિશ્વાસ અપાવ્યો છે કે, દેશમાં ક્રૂડ ઓઈલ, એલપીજી અને એલએનજીનો પૂરતો સ્ટોક છે. દેશમાં પેટ્રોલ-ડિઝલ અને ગેસનો બે મહિનાનો સ્ટોક ઉપલબ્ધ છે અને નાગરિકોએ ચિંતા કરવાની જરૂર નથી. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે ગુરુવારે વપરાશકારો અને ઉદ્યોગોને આશ્વાસન આપતા જણાવ્યું હતું કે, ઈંધણના પુરવઠામાં કોઈ સમસ્યા નથી અને ગભરાટમાં આવીને જરૂરિયાત કરતાં વધારે ખરીદી કરવાની આવશ્યકતા નથી.

વિભાગના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ કહ્યું હતું કે, અગ્રણી પેટ્રોલિયમ પેદાશોનો પુરવઠો સંપૂર્ણ સ્થિર છે. ક્રૂડ ઓઈલ, પેટ્રોલ, ડિઝલ, એલપીજી અને કુદરતી ગેસનો સપ્લાય સ્થિર છે અને દેશની રીફાઈનરીઓ પોતાની ઉચ્ચતમ ક્ષમતા પર કામ કરી રહી છે. ઈંધણની અછત બાબતે સતત પૂછાઈ રહેલા સવાલોનો જવાબ આપતાં શર્માએ કહ્યું હતું કે, દેશમાં પૂરતો સ્ટોક હોવાનો વિશ્વાસ છેલ્લા ત્રણ મહિનાથી સરકાર અપાવી રહી છે.

### દેશમાં ઈથેનોલનું વધુ પ્રમાણ ધરાવતા પેટ્રોલના વપરાશને પ્રોત્સાહન આપવા માટે સરકારે ઈથેનોલનું વધુ પ્રમાણ ધરાવતાં પેટ્રોલ પરની કેન્દ્રીય એક્સાઈઝ ડ્યુટી નાબૂદ કરી છે

દેશમાં રોલિંગ સ્ટોક ઉપલબ્ધ છે અને લગભગ બે મહિનાની ઈંધણ જરૂરિયાત સંતોષવા માટે પર્યાપ્ત છે. કેટલાક રીટેલ આઉટલેટ્સ પર વેચાણ વધ્યું છે, પરંતુ જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દેશભરમાં અડચણરહિત સપ્લાય સુનિશ્ચિત કરે છે. ઈરાન-યુએસ વચ્ચે યુદ્ધનું સંકટ વધારે વિકટ બન્યું છે ત્યારે આગામી સમયમાં ઈંધણની કિંમતોમાં વધારા અંગે સવાલ પૂછાતાં તેઓ સ્પષ્ટ ખુલાસો કરી શક્યા ન હતા. તેમણે કહ્યું હતું કે, ભવિષ્યમાં કિંમતો અંગે હાલ કહી શકાય તેમ નથી. પેટ્રોલ-ડિઝલ, એલપીજી, કુદરતી ગેસનો પુરવઠો જાળવી રાખવા અને વપરાશકારોને હાલાકીમાંથી ઉગારવા સરકાર સંપૂર્ણ પ્રયાસ કરી રહી છે. દેશમાં ઈથેનોલનું વધુ પ્રમાણ ધરાવતા પેટ્રોલના વપરાશને પ્રોત્સાહન આપવા માટે સરકારે ઈથેનોલનું વધુ પ્રમાણ ધરાવતાં પેટ્રોલ પરની કેન્દ્રીય એક્સાઈઝ ડ્યુટી નાબૂદ કરી છે. ફ્યુઅલ બ્લેન્ડિંગની પ્રક્રિયા પર લાગતાં બેવડાં ટેક્સને અટકાવવા સરકારે આ નિર્ણય લીધો છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સે એક જાહેરનામું બહાર પાડીને E22, E25, E27 અને E30 ગ્રેડના ઈથેનોલ-પેટ્રોલ મિશ્રણને સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યુટીમાંથી મુક્તિ આપવાની જાહેરાત કરી છે. જોકે આ માટે પેટ્રોલ પર એક્સાઈઝ અને ઈથેનોલ પર જી.એસ.ટી. પહેલેથી ચૂકવાયેલો હોવો જરૂરી છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પગલાંનો મુખ્ય ઉદ્દેશ્ય મિશ્રણની પ્રક્રિયાને 'મેન્યુફેક્ચરિંગ' ગણીને કંપનીઓ પાસેથી બીજી વખત ટેક્સ વસૂલવાની જોગવાઈને રદ કરવાનો છે.

10 જૂનથી અમલી બનેલા આ નિયમથી કંપનીઓને ડબલ ટેક્સેશનની જાળમાંથી મુક્તિ મળશે. જોકે, સરકારે સ્પષ્ટ કર્યું છે કે આ રાહતથી સામાન્ય જનતા માટે પેટ્રોલના છૂટક ભાવમાં કોઈ તાત્કાલિક ઘટાડો નહીં થાય.

# હવે દરેક ગ્રાહકને ૧ દિવસમાં મહત્તમ ૨૦૦ લીટર જ ડીઝલ મળશે

## કેન્દ્ર સરકારે તમામ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ અને પેટ્રોલ પંપ સંચાલકોને આ નિયમનું કડકાઈથી પાલન કરવા આદેશ આપ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૨**

મધ્ય પૂર્વ (મિડલ ઈસ્ટ) માં ચાલી રહેલા ઈરાન સંઘર્ષ અને હોર્મુઝ સંકટના કારણે ઉભા થયેલા ભયના માહોલ વચ્ચે કેન્દ્ર સરકારે દેશમાં ઈંધણની સંગ્રહખોરી રોકવા માટે એક મોટો નિર્ણય લીધો છે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે દેશમાં ડીઝલની કોઈ અછત નથી, પરંતુ લોકોમાં ફેલાયેલા ડરનો સંગ્રહખોરો ફાયદો ન ઉઠાવે તે માટે આ કડક પગલું ભરવામાં આવ્યું છે. આ અંતર્ગત કેન્દ્ર સરકારે સામાન્ય પેટ્રોલ પંપો પર હાઈ સ્પીડ ડીઝલના વેચાણ પર મર્યાદા નક્કી કરી દીધી છે. સરકાર દ્વારા શુક્રવારે જાહેર કરાયેલા નવા આદેશ અનુસાર, હવેથી કોઈપણ સામાન્ય ગ્રાહકને છૂટક પેટ્રોલ પંપ પરથી એક દિવસમાં મહત્તમ ૨૦૦ લીટર જ ડીઝલ આપવામાં આવશે. એટલે કે કોઈ પણ વ્યક્તિ એક દિવસમાં ૨૦૦ લીટરથી વધુ ડીઝલ ખરીદી શકશે નહીં.

તાજેતરના દિવસોમાં કેટલાક વિસ્તારોમાં ઈંધણની બિનજરૂરી વધારાની ખરીદી અને સ્ટોક જમા કરવાની આશંકાઓ જોવા મળી હતી. જો મોટી માત્રામાં ઈંધણની ખરીદી અને સંગ્રહખોરી પર નિયંત્રણ ન રાખવામાં આવે, તો બજારમાં કૃત્રિમ અછત ઊભી થવાનો ખતરો વધી શકે તેમ હતો. આથી બજારમાં કાળાબજારી અને અનાવશ્યક ભંડારણ રોકવા તેમજ પેટ્રોલિયમ ઉત્પાદનોની સરળ ઉપલબ્ધતા જાળવી રાખવા સરકારે આ મર્યાદા નક્કી કરી છે.

### કેન્દ્ર સરકારે તમામ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ અને પેટ્રોલ પંપ સંચાલકોને આ નિયમનું કડકાઈથી પાલન કરવા આદેશ આપ્યો




નવા નિયમો મુજબ, જે ગ્રાહકોને વ્યાવસાયિક કે ઔદ્યોગિક જરૂરિયાતો માટે મોટી માત્રામાં ઈંધણની જરૂર છે, તેઓ સામાન્ય રિટેલ પેટ્રોલ પંપ પરથી આ ખરીદી નહીં કરી શકે. આવા ગ્રાહકોએ પોતાની અધિકૃત સુવિધાઓ, નિર્ધારિત ડેપો અથવા સત્તાવાર પંપો પરથી જ ઈંધણ ખરીદવું પડશે, જેથી સામાન્ય ગ્રાહકો માટેના રિટેલ નેટવર્ક પર વધારાનું દબાણ ન આવે. સરકારે સ્પષ્ટતા કરી છે કે આ કાયમી નિયમ નથી પરંતુ એક અસ્થાયી યવસ્થા છે, જે મહત્તમ ૯૦ દિવસ સુધી પ્રભાવી રહેશે. આગામી દિવસોમાં પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ આ આદેશમાં જરૂરી ફેરફાર કરવામાં આવી શકે છે.

કેન્દ્ર સરકારે તમામ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ અને પેટ્રોલ પંપ સંચાલકોને આ નિયમનું કડકાઈથી પાલન કરવા આદેશ આપ્યો છે. સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય ગ્રાહકો, વાહનવ્યવહાર સેવાઓ, કૃષિ ક્ષેત્ર અને અન્ય આવશ્યક સેવાઓ માટે ડીઝલનો પુરવઠો નિયમિત રાખવાનો છે.

# કેન્દ્રીય તપાસ એજન્સી ઈડી અને આર્થિક ગુના શાખાને દિલ્હી હાઈકોર્ટની ફટકાર, સ્વતંત્ર પત્રકારત્વ સામે ઈડીએ સત્તાનો દુરુપયોગ કર્યોઃ દિલ્હી હાઈકોર્ટ

## ન્યૂઝ વેબસાઈઈટ ન્યૂઝક્લિક સામેનો આખો કેસ જુઠો સાબિત થયો, ન્યૂઝ વેબસાઈટ કે ડિજિટલ મીડિયામાં એફ.ડી.આઈ. પર પ્રતિબંધનો ૨૦૧૮માં કાયદો જ નહોતો તેથી કેસ નથી બનતોઃ હાઈકોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૨**

મીડિયા વેબસાઈટ ન્યૂઝક્લિક અને તેના સંસ્થાપક પ્રબીર પુરકાયસ્થને દિલ્હી હાઈકોર્ટે મોટી રાહત આપી છે સાથે જ કેન્દ્રીય તપાસ એજન્સી ઈડી અને આર્થિક ગુના શાખા બન્નેને ફટકાર લગાવી છે. હાઈકોર્ટે નોંધ્યું હતું કે આ મામલામાં ન્યૂઝક્લિક અને તેના સંસ્થાપક પ્રબીર સામે આ જુઠી ફરિયાદો દાખલ કરી કાર્યવાહી દ્વારા સત્તાનો દુરૂપયોગ થયો. ઈડીએ સ્વતંત્ર, નિષ્પક્ષ મીડિયા સામે પોતાની સત્તાનો દુરૂપયોગ કર્યો તેવું અવલોકન હાઈકોર્ટના ન્યાયાધીશે કર્યુ હતું.

દિલ્હી હાઈકોર્ટે ન્યૂઝક્લિક અને તેના સંસ્થાપક પ્રબીર સામે આર્થિક ગુના શાખાની એફઆઈઆર અને ઈડી દ્વારા હાથ ધરાયેલ મની લોન્ડરિંગ કેસ બન્નેને રદ્દ કરી દીધા છે. પ્રબીર સામે એવો આરોપ હતો કે તેમની કંપની પીપીકે ન્યૂઝક્લિક સ્ટૂડિયો પ્રા. લિ.એ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં અમેરિકાની કંપની વર્લ્ડવાઈડ મીડિયા હોલ્ડિંગ્સ કંપની પાસેથી સાડા નવ કરોડ રૂપિયાની




એફડીઆઈ પ્રાપ્ત કરેલ છે. જેમાં કાયદાનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. ન્યૂઝક્લિકની એવી દલીલ છે કે ડિજિટલ ન્યૂઝ મીડિયામાં એફડીઆઈ પર કોઈ જ પ્રતિબંધો નથી. ખુદ સરકાર દ્વારા પણ આ જ સ્પષ્ટતા કરવામાં આવી હતી. આ દલિલોને હાઈકોર્ટના ન્યાયાધીશ નીના બંસલ ક્રિશ્નને માન્ય રાખી હતી અને સમગ્ર મામલાને જ ફગાવ્યો હતો. દિલ્હી હાઈકોર્ટે નોંધ્યું હતું કે આ મામલામાં ઈડીએ ન માત્ર ખરાબ ઈરાદા સાથે કાર્યવાહી કરી સાથે સાથે સ્વતંત્ર, નિષ્પક્ષ પત્રકારત્વ સામે પોતાની સત્તાનો દુરૂપયોગ કર્યો. આ સમગ્ર મામલાની શરૂઆત માહિતી અને પ્રસારણ મંત્રાલયની એક ફરિયાદના આધારે સામે આવ્યો હતો, મંત્રાલયે દાવો કર્યો હતો કે ન્યૂઝક્લિકે અમેરિકન કંપની પાસેથી ૯.૫૯ કરોડ રૂપિયા એફ.ડી.આઈ. તરીકે મેળવ્યા હતા. જેમાંથી મોટો હિસ્સો પગાર, કન્સલટન્સી ફી સહિત અન્ય ખર્ચ પાછળ વપરાયો હતો, તપાસ બાદ ફરિયાદની કોપીને ઈડીને સોંપવામાં આવી હતી, તેથી ઈડીએ મની લોન્ડરિંગની તપાસ કરી હતી. દરમિયાન ન્યૂઝક્લિકનો દાવો હતો કે જ્યારે આ ફંડ મેળવવામાં આવ્યું ત્યારે ઓનલાઈન ન્યૂઝ પોર્ટલ પર આવું એફડીઆઈ મેળવવા પર કોઈ જ પ્રતિબંધ નહોતો તે વાત ખુદ સરકારે સ્વીકાર કરી છે. તેથી આ મામલો શરૂઆતથી જ ખોટો છે. હાઈકોર્ટે આ દલીલો માન્ય રાખી સાથે જ નોંધ્યું હતું કે કદાચ ન્યૂઝક્લિક દ્વારા વધારે પગાર અપાયો હોય કે અન્ય જગ્યાએ ખર્ચ કર્યો હોય તેમ છતા તે ગેરકાયદે ના ગણાય.

ઈડીએ ફેબ્રુઆરી ૨૦૨૧માં ન્યૂઝક્લિકની ઓફિસ અને અન્ય સ્થળે દરોડા પાડયા હતા. ન્યૂઝક્લિકના બેન્ક ખાતા સીઝ કરાયા હતા, પોલીસ દ્વારા કેટલાક પત્રકારોની અટકાયત પણ કરાઈ હતી. હવે આ સમગ્ર મામલે તમામ આરોપો જુઠા સાબિત થયા છે. તેથી ન્યૂઝક્લિક અને તેના સ્થાપકને હાઈકોર્ટ તરફથી ક્લીનચિટ અપાઈ છે. બીજી તરફ કેન્દ્રીય તપાસ એજન્સી ઈડી હવે આ મામલે સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરી શકે છે. ઈડીના અધિકારીઓના જણાવ્યા મુજબ ન્યાયાધીશે ઘણા મહત્વના મુદ્દા પર ધ્યાન નથી આપ્યું, હાઈકોર્ટના આ ચુકાદાને અમે સુપ્રીમ કોર્ટમાં પડકારીશું.

---

વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# નવીન સ્નાતકોમાં બેરોજગારી ચિંતાનો વિષય

### જો નોકરીઓ બનાવવા માટે ગંભીર પ્રયાસો કરવામાં નહીં આવે, તો નવા સ્નાતકોમાં બેરોજગારીનો દર વધવાનો ભય છે; અને તે ખતરનાક બની શકે છે

ચીફ જસ્ટિસની ટિપ્પણી પછી કોકરોચના નામે શરૂ થયેલી 'કોકરોચ જનતા પાર્ટી' (કેજેપી)ની સફળતા હાલમાં ગયા અઠવાડિયે નવી દિલ્હીમાં મુખ્યત્વે રાજકીય દ્રષ્ટિકોણથી ચર્ચાઈ રહી છે. ભલે તે સમસ્યા ન હોય, પણ એ જોવું જોઈએ કે બેરોજગારીનો મૂળ મુદ્દો ખોવાઈ ન જાય. નવીન સ્નાતકોમાં બેરોજગારી ચિંતાનો વિષય છે. દેશમાં ઉચ્ચ શિક્ષણના વિસ્તરણને કારણે સ્નાતકોની સંખ્યામાં વધારો થયો હોવા છતાં, રોજગાર સર્જન તુલનાત્મક રહ્યું નથી. હવે, કૃત્રિમ બુદ્ધિ (એઆઈ) સાથે, રોજગાર સર્જનનો પડકાર વધુ મુશ્કેલ બની ગયો છે.

છેલ્લા ત્રણ દાયકામાં, દેશમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની સંખ્યા ૧,૬૦૦ થી વધીને ૭૦,૦૦૦ થઈ છે. અઝીમ પ્રેમજી યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા 'સ્ટેટ ઓફ વર્કિંગ ઈન્ડિયા ૨૦૨૬' રિપોર્ટ અનુસાર, ૨૦૧૦માં ઉચ્ચ શિક્ષણની ઉંમર ધરાવતા એક લાખ યુવાનો દીઠ કોલેજોની સંખ્યા ૨૯ હતી; ૨૦૨૧માં તે વધીને ૪૫ થઈ ગઈ. ૧૮ થી ૨૫ વર્ષની વયના લોકોનો ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (GER) ૨૦૧૦માં ૧૯ ટકા હતો; તે હવે ૨૯ ટકાના થ્રેશોલ્ડ પર છે. શિક્ષણ પછી સારા પગારની સંભાવના ધરાવતા ખાનગી ક્ષેત્રમાં ગુણાત્મક વૃદ્ધિ અને વ્યાવસાયિક શિક્ષણના કેન્દ્રીકરણનો મુદ્દો ઉભો થઈ શકે છે; પરંતુ તે ચર્ચા અને વિચારણાનો એક અલગ વિષય છે. ઉચ્ચ શિક્ષણ સુવિધાઓમાં વધારો થયો છે અને તે તાલુકા નગરો સુધી પહોંચી છે તેનો કોઈ ઈનકાર કરશે નહીં.

જોકે, ખરો પ્રશ્ન નવા સ્નાતકોની રોજગારીનો છે. ૨૦૦૪ થી ૨૦૨૩ સુધીના બે દાયકામાં, દેશમાં દર વર્ષે લગભગ પાંચ મિલિયન નવા સ્નાતકોનું સર્જન થયું. તેમાંથી ૨૮ લાખને દર વર્ષે નોકરીઓ મળી. એટલે કે, નવા સ્નાતકોમાંથી લગભગ અડધા રોજગારી વિના રહ્યા. તેમાં કોઈ શંકા નથી કે તેમને પછીથી તકો મળી હોત; પરંતુ કેટલાક લાંબા સમયથી રોજગાર શોધી રહ્યા હોત. ૧૫ થી ૨૫ વર્ષની વય જૂથના યુવાનોમાં બેરોજગારીના આંકડા પરથી આ સ્પષ્ટ થાય છે. 'સ્ટેટ ઓફ વર્કિંગ' રિપોર્ટ કહે છે કે આ વય જૂથના યુવાનોમાં બેરોજગારીનો દર ૪૦ ટકા સુધીનો છે અને ૨૫ થી ૨૯ વર્ષની વય જૂથના યુવાનોમાં તે ૨૦ ટકા સુધીનો છે.

રિપોર્ટમાં એ પણ ઉલ્લેખ છે કે ૨૦૨૩માં, ૨૦થી ૨૯ વર્ષની વય જૂથના ૬.૩ કરોડ યુવાનોમાંથી ફક્ત ૧.૧ કરોડ યુવાનોને જ નોકરીઓ મળી. રોજગારની દ્રષ્ટિએ બીજું ચિત્ર છે, યુવાનો વિશેની ફરિયાદોનું. આ ફરિયાદો છે, 'કામ છે; પણ એવા યુવાનો નથી કે જેમને તે માટે કૌશલ્ય હોય' અને 'જો તેમને નોકરી આપવામાં આવે તો પણ, નવા સ્નાતકો તે કરતા નથી અથવા થોડા દિવસો કે મહિનામાં છોડી દે છે.' પહેલી ફરિયાદ એ છે કે પરંપરાગત શિક્ષણ દ્વારા રોજગાર માટે જરૂરી કૌશલ્ય પૂરતા પ્રમાણમાં પૂરું પાડવામાં આવતું નથી. રોજગારલક્ષી શિક્ષણની વાતો સતત થઈ રહી છે, પરંતુ એ વાસ્તવિકતા છે કે આપણી પાસે જરૂરી સુવિધાઓ, પૂરતા શિક્ષકો અને તેમની તાલીમ અને સૌથી અગત્યનું, શિક્ષણ અને ઉદ્યોગ વચ્ચે સંકલનનો અભાવ છે. એન્જિનિયરિંગ સ્નાતકોથી લઈને 'આઈ.ટી.આઈ.'માં ટેકનિશિયન સુધીના ટેકનિકલ કૌશલ્યનો અભ્યાસ કરનારાઓમાં બેરોજગારી આ હકીકતને ઉજાગર કરે છે. બીજી ફરિયાદ નવા સ્નાતકોની તેમના કામ વિશેની અપેક્ષાઓ અને તેમના નાણાકીય શોષણને કારણે હોઈ શકે છે. એવો અનુભવ છે કે યુવાનો લાખો રૂપિયા ફી ચૂકવવા છતાં દર મહિને પંદરથી વીસ હજાર રૂપિયા ચૂકવતી નોકરીઓ કરવા માટે ઉત્સુક નથી. એકંદરે, અલ્પ રોજગારી, બદલાતી નોકરીની પેટર્ન અને વેતનની અપેક્ષાઓ અને વાસ્તવિકતા વચ્ચેના મેળ ખાતા ન હોવાને કારણે બેરોજગારી વધી રહી છે. આવી સ્થિતિમાં, જો નોકરીઓ બનાવવા માટે ગંભીર પ્રયાસો કરવામાં નહીં આવે, તો નવા સ્નાતકોમાં બેરોજગારીનો દર વધવાનો ભય છે; અને તે ખતરનાક બની શકે છે.

---


## ૩ ભારતીયોના મોત મુદ્દે રાહુલ ગાંધીનો પ્રહાર

# વડાપ્રધાન મોદીમાં હિંમત નથી કે અમેરિકા વિરુદ્ધ એક શબ્દ બોલે

### જ્યારે વિદેશી શક્તિ ભારતીયની હત્યા કરે ત્યારે વડાપ્રધાને જવાબ આપવો પડે છે, જોકે તેમની હિંમત જ નથી કે તેઓ એક પણ શબ્દ બોલે : રાહુલ ગાંધી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૨:** અમેરિકાની સેનાએ મધ્ય-પૂર્વમાં ઓમાન સમુદ્રકાંઠા પાસે ત્રણ ભારતીય કોમર્શિયલ જહાજો પર હુમલો કરતા ત્રણ ભારતીયોના મોત થયા બાદ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસે ત્રણ ભારતીયોના મોત બદલ દુઃખ વ્યક્ત કર્યું છે. રાહુલે અમેરિકન હુમલાની ટીકા કરી કરવાની સાથે વડાપ્રધાન પર પ્રહાર કરતા કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીમાં હિંમત નથી કે, તેઓ અમેરિકા વિરુદ્ધ એક શબ્દ બોલે. રાહુલે સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, 'અમેરિકાએ આંતરરાષ્ટ્રીય જળક્ષેત્રમાં ત્રણ દિવસમાં ત્રણ જહાજો પર હુમલા કર્યા, જેમાં ત્રણ ભારતીયોના મોત થયા છે અને આપણા કોમ્પ્રોમાઈઝ પીએમ? એક શબ્દ બોલતા નથી.'



કોંગ્રેસ સાંસદે વધુમાં કહ્યું કે, 'જ્યારે વિદેશી શક્તિ ભારતીયની હત્યા કરે ત્યારે વડાપ્રધાને જવાબ આપવો પડે છે. જોકે તેમની હિંમત જ નથી કે, તેઓ એક પણ શબ્દ બોલે. આપણા ભારતીય ક્રૂ મેમ્બરોની હત્યાના થોડા દિવસ બાદ, આગામી અઠવાડિયે G7 યોજાવાની છે, જેમાં મોદીજી હસતાં જોવા મળશે, લોકોને ગળે મળશે અને કરારો કરશે. પરંતુ મૃત્યુ પામેલા ત્રણ ભારતીયો માટે તેમની પાસે એક શબ્દ નહીં હોય. કોમ્પ્રોમાઈઝ્ડ PM ભારત માતાના પુત્રોની રક્ષા કરી શકતા નથી, કારણ કે, જે લોકોએ આ પુત્રોના જીવ લીધા, તેમને નારાજ કરવામાં તેમની હિંમત પણ નથી અને તાકાત પણ નથી.' કોંગ્રેસ પાર્ટીએ ગઈકાલે (૧૧ જુલાઈ) ત્રણ ભારતીય ક્રૂ મેમ્બર્સની હત્યા પર દુઃખ વ્યક્ત કર્યું હતું. પાર્ટીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાની જવાબદારીમાંથી છટકી ન શકે. મીડિયા વિભાગના પ્રમુખ પવન ખેડાએ કહ્યું કે, આ મામલે જવાબદારી સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારે રાજદ્વારી પગલા ભરવા જોઈએ.

ઉલ્લેખનીય છે કે, હોર્મુઝની ખાડીમાં ઈરાન પછી અમેરિકાની દાદાગીરી હદ વટાવી રહી છે. ભારતે જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ દિવસમાં ત્રણ જહાજ પર અમેરિકન નૌકાદળે હુમલો કર્યો હતો. તેમા એક હુમલામાં ત્રણ ભારતીયોના મોત થયા હતા. આ ત્રણેય જહાજ વિદેશી જહાજ હતા. ભારતે આ ઘટનાનો આકરો વિરોધ કર્યો છે અને આ મુદ્દો છેક યુએનમાં ઉઠાવ્યો છે અમેરિકા પાસે પણ આ અંગે જવાબ માંગ્યો છે. ભારતે ભારપૂર્વક જણાવ્યું છે કે આ હુમલા અટકવા જોઈએ. અમેરિકાએ ૧૦ જૂનના રોજ સેટેબિલો જહાજ પર કરેલા હુમલામાં ત્રણ ભારતીય ખલાસીઓએ જીવ ગુમાવ્યા છે. પહેલો હુમલો ૮મી જૂનના રોજ ઓમાનના પૂર્વી કિનારે થયો હતો. અહીં અમેરિકન નૌકાદળે પ્રતિબંધિત ટેક્કર મેરીવેક્સ પર મિસાઈલથી હુમલો કર્યો હતો. આ જહાજ પર ૨૪ ભારતીય ક્રૂ મેમ્બર સવાર હતા. સદનસીબે તેમા કોઈના જીવ ગયા ન હતા. અમેરિકાએ જહાજ પરના હુમલામાં બે હેલફાયર મિસાઈલનો ઉપયોગ કર્યો હોવાની વાત કબૂલી હતી. તેના પગલે પણ સનસનાટી મચી ગઈ છે. અમેરિકા પાસે આ યુદ્ધજહાજને અટકાવવાનો અને કબ્જે લેવાનો વિકલ્પ હતો, પરંતુ અમેરિકાએ તેના બદલે જહાજને ઉડાવી દેવાનું મુનાસિબ માન્યું.

શિપિંગ મંત્રાલયના અધિકારી મુકેશ મંગલે જણાવ્યું હતું કે હોર્મુઝમાં ફસાયેલા ૧૩ જહાજ પર હજી પણ ભારતના ૫૬૨ ખલાસી છે. તેમા ૩૨૯ હોર્મુઝ પશ્ચિમમાં અને બાકીના પૂર્વમાં છે. આ સિવાય આ વિસ્તારમાં વિદેશી ઝંડાવાળા જહાજો પર કુલ ૧૮,૦૦૦ ભારતીય ખલાસીઓ છે. હજી પણ ભારતના ૧૩ જહાજ હોર્મુઝમાં ફસાયેલા છે. હાલમાં આ જહાજ નીકળે શકે તેવી કોઈ સંભાવના નથી.

# ઈન્ડસ્ટ્રિયલ, કોમર્શિયલ અને ઇન્સ્ટિટ્યૂશનલ યુઝર્સને પેટ્રોલ-ડીઝલ ખરીદવા પર ૯૦ દિવસ સુધી પ્રતિબંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૨**

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવના કારણે પેટ્રોલ-ડીઝલ પર ચર્ચા વધી ગઈ છે. જો તમે રોજ પેટ્રોલ-ડીઝલ પુરાવો છો તો આ ખબર તમારા માટે જરૂરી હોઈ શકે છે.

સરકારે ઇન્ડસ્ટ્રિયલ, કોમર્શિયલ અને ઈન્સ્ટિટ્યૂશનલ યુઝર્સ માટે પેટ્રોલ પંપ પરથી પેટ્રોલ અને ડીઝલ ખરીદવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. આ યુઝર્સે હવે પોતાની જરૂરિયાતનું ઈંધણ માત્ર બલ્ક સેલ પોઈન્ટ્સ (Bulk Sale Points) પરથી જ ખરીદવું પડશે. ધ્યાન આપવા જેવી બાબત એ છે કે આ વ્યવસ્થા આગામી ૯૦ દિવસ સુધી લાગુ રહેશે.

સરકારે આ પગલું એવા વિસ્તારોની માંગમાં અસામાન્ય વધારો જોયા બાદ ઉઠાવ્યું છે, જ્યાં કેટલાય બલ્ક યુઝર્સ પેટ્રોલ પંપો પરથી ઈંધણ ખરીદી રહ્યા હતા. કિંમતોમાં તફાવત હોવાના કારણે મોટા યુઝર્સ રિટેલ આઉટલેટ્સ (પેટ્રોલ પંપો) તરફ વળી રહ્યા હતા. દિલ્હીમાં પેટ્રોલ પંપ પર ડીઝલની કિંમત ૯૫.૨૦ પ્રતિ લીટર છે, જ્યારે બલ્ક સેલમાં આની કિંમત ૧૩૪.૫૦ પ્રતિ લીટર છે. બંને કિંમતો વચ્ચે મોટો તફાવત હોવાના લીધે બલ્ક યુઝર્સ માટે પેટ્રોલ પંપ પરથી ઈંધણ ખરીદવું વધુ ફાયદાકારક સાબિત થઈ રહ્યું હતું.

કિંમતોમાં આ તફાવત એટલા માટે આવ્યો કારણ કે સરકારી તેલ કંપનીઓએ સામાન્ય યુઝર્સને રાહત આપવા માટે રિટેલ કિંમતોમાં નિયંત્રણ રાખ્યું. ફેબ્રુઆરીના અંતમાં મિડલ ઈસ્ટ સંકટ બાદ ઈંધણની પડતર કિંમત વધી હતી, પરંતુ તેનો પૂરો બોજ સામાન્ય ગ્રાહકો પર નાખવામાં આવ્યો ન હતો. જો કે, સરકારનું કહેવું છે કે આ નિર્ણય ઈંધણ સપ્લાય વ્યવસ્થાને સંતુલિત બનાવી રાખવા માટે લેવામાં આવ્યો છે. રાહતની વાત એ છે કે આનાથી પેટ્રોલ પંપો પર સામાન્ય ગ્રાહકો માટે ઈંધણની ઉપલબ્ધતા જળવાઈ રહેશે અને સપ્લાય પરનું દબાણ ઓછું થશે. નોંધનિય છે કે, ઈરાન અને અમેરિકા વચ્ચે સતત તણાવ વધી રહ્યો છે. જ્યાં સુધી મિડલ ઈસ્ટમાં સંપૂર્ણ શાંતિ ન સ્થપાય અને હોર્મુજ સ્ટેટ બધા માટે ખુલ્લુ મુકવામાં ન આવે ત્યાં સુધી પેટ્રોલના ભાવ અને પુરવઠાને લઈને સમસ્યાઓ આવતી રહેશે.

# નીટ પરીક્ષાર્થીઓને મળશે વધારાનો સમય : NTAનો મોટો નિર્ણય

**નીટ પરીક્ષા પેપર લીક થયા બાદ રદ કરવામાં આવી હતી અને હવે તેનું ફરી આયોજન ૨૧ જૂનના રોજ કરવામાં આવ્યું છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૨**

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ ૨૧ જૂન ૨૦૨૬ના રોજ આયોજિત થનારી નીટ યુજી ૨૦૨૬ની પરીક્ષા વિશે કેટલાક ફેરફારોની જાહેરાત કરી છે. એજન્સીનુ એવું કહેવું છે કે, પરીક્ષાને નિષ્પક્ષ, સુરક્ષિત અને ઉમેદવારો માટે વધુ સુવિધાજનક બનાવવાના હેતુસર આ નિર્ણયો લેવાયા છે. એજન્સીએ ઉમેદવારો પાસેથી મળેલા ફીડબેકને ધ્યાનમાં રાખીને પરીક્ષાનો સમયગાળો વધારવાની સાથે સાથે સુરક્ષા વ્યવસ્થાને પણ વધુ મજબૂત કરી છે. અનેકવાર નીટ પેપર લીક થવાના કારણે એજન્સી આ વખતે કડક સિક્યુરિટી નિયમો અપનાવી રહી છે. એનટીએ તરફથી એક પબ્લિક નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે જેમાં આગામી નીટ પરીક્ષા મુદ્દે વિદ્યાર્થીઓ માટે કેટલીક જાણકારીઓ શેર કરાઈ છે.

એનટીએના જણાવ્યાં મુજબ પરીક્ષાના સમયગાળાને વધારવામાં આવ્યો છે અને આ ફેરફારનો હેતુ પ્રશાસનિક પ્રક્રિયાઓને કારણે વિદ્યાર્થીઓને પરીક્ષાના પ્રશ્નોના જવાબ લખવા માટેના સમય પર અસર ન થાય અને જવાબ લખવા માટે પૂરતો સમય મળે તે સુનિશ્ચિત કરવાનો છે. વાત જાણે એમ છે કે સોશિયલ મીડિયા સહિત અનેક માધ્યમોથી વિદ્યાર્થીઓ તરફથી કહેવાયું હતું કે તેમને પ્રશ્નપત્ર વાંચવાન અને સમજવાનો સમય મળતો નથી.

NTAએ બહાર પાડેલા નોટિફિકેશન મુજબ નીટ પરીક્ષાના સમયમાં વધારો કરાયો છે. આ વખતે આયોજિત થનારી નીટ યુજી પરીક્ષાનો કુલ સમયગાળો ૧૯૫ મિનિટ હશે. ૨૧ જૂન રવિવાર ૨૦૨૬ના રોજ થનારી આ નીટ રી એક્ઝામનો સમય બપોરે ૨ વાગ્યાથી સાંજે ૫.૧૫ વાગ્યા સુધી રહેશે. આ સમયગાળામાં હાજર પત્રક પર સાઈન કરવા અને અન્ય જરૂરી પરીક્ષા સંબંધિત ઔપચારિકતાઓનો સમય પણ સામેલ રહેશે.

એજન્સીના જણાવ્યાં મુજબ તેમાં ઉમેદવારોને પ્રશ્નપત્ર ઉકેલવા માટે પૂરતો સમય મળશે અને પ્રશાસનિક કામગારીના કારણે જતા સમયની તેના પર અસર પડશે નહીં.

એનટીએએ ફક્ત નીટ રી ટેસ્ટનો સમય વધાર્યો છે એટલું જ નહીં પરંતુ વિદ્યાર્થીઓની સુવિધાને ધ્યાનમાં રાખતા તેમણે રફ વર્ક માટે પણ વધુ જગ્યા આપવાનો નિર્ણય લીધો છે. વિદ્યાર્થીઓને પ્રશ્ન પુસ્તિકામાં રફ વર્ક માટે પહેલા કરતા વધુ જગ્યા મળશે. આવામાં વિદ્યાર્તીઓ માટે ગણતરીથી લઈને અન્ય કામ માટે રફ વર્કની જગ્યાનો ઉપયોગ કરવો સરળ રહેશે.

NTAના જણાવ્યાં મુજબ પરીક્ષાની ટ્રાન્સપરન્સી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ૨૧ જૂનના રોજ આયોજિત થનારી નીટ યુજી પરીક્ષામાં કડક વ્યવસ્થા કરવામાં આવશે. પરીક્ષા કેન્દ્રો પર નિગરાણી સંબંધિત વ્યવસ્થાઓ મજબૂત કરાશે જેનાથી કોઈ પણ પ્રકારની ગડબડી કે અનિયમિતતા રોકી શકાય. એનટીએ મુજબ આ ફેરફાર છેલ્લા કેટલાક વર્ષોમાં વિદ્યાર્થીઓ પાસેથી મળેલા સૂચનો અને ફીડબેક આધારે કરાયો છે. તેનો હેતુ ઉમેદવારોને સારો પરીક્ષા અનુભવ મળે અને તેઓ કોઈ પણ વધારાના દબાણ વગર નીટ પરીક્ષા આપી શકે તે સુનિશ્ચિત કરવાનો છે.

અત્રે જણાવવાનું કે, ૩ મેના રોજ આયોજિત નીટ પેપર લીક મામલા બાદ પરીક્ષાને રદ કરાઈ હતી. ત્યારબાદ ૨૧ જૂનના રોજ ફરીથી નીટ પરીક્ષાનું આયોજન કરાયું છે. ઉમેદવારોને એવી સલાહ આપવામાં આવી છે કે પરીક્ષા સંબંધિત તમામ જરૂરી નિર્દેશો અને અપડેટ્સ પર નજર રાખવા માટે એનટીએની સત્તાવાર વેબસાઈટની મુલાકાત લો.

# સ્પોર્ટ્સ ન્યુઝ

## ૪૮ કલાકમાં લેવાશે મોટો નિર્ણય

# હિંસાના કારણે ટીમ ઈન્ડિયાના આયરલેન્ડ પ્રવાસ પર સંકટના વાદળ!

**ભારતને આયર્લેન્ડ સામે બે મેચની T20 સિરિઝ રમવાની છે, ત્યારબાદ ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડ જવા રવાના થશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૨ :** ટીમ ઈન્ડિયા હાલમાં અફઘાનિસ્તાનની યજમાની કરી રહી છે. એકમાત્ર ટેસ્ટ મેચ બાદ ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ત્રણ મેચોની વન-ડે સિરિઝ રમાશે. આ સિરિઝ પૂરી થતાં જ ભારતીય ખેલાડીઓ UKના પ્રવાસે જશે. ભારતને આયર્લેન્ડ સામે બે મેચની T20 સિરિઝ રમવાની છે, ત્યારબાદ ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડ જવા રવાના થશે. જોકે, બેલફાસ્ટમાં ફાટી નીકળેલી હિંસાના કારણે ભારતના આયર્લેન્ડ પ્રવાસ પર સંકટના વાદળો ઘેરાયા છે.

ક્રિકેટ આયર્લેન્ડે આ અંગે એક સત્તાવાર નિવેદન પણ જારી કર્યું છે. હાલમાં એ કન્ફર્મ નથી કે ભારતની મેચ બેલફાસ્ટથી અન્ય કોઈ સ્થળે શિફ્ટ થશે કે પછી આ આખો પ્રવાસ જ રદ કરી દેવામાં આવશે. BCCI અને ક્રિકેટ આયર્લેન્ડ હાલની પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે. જો ભારતનો આયર્લેન્ડ પ્રવાસ રદ થશે તો વૈભવ સૂર્યવંશીએ ડેબ્યૂ માટે વધુ રાહ જોવી પડી શકે છે.

લિસબર્નમાં યોજાનારો ઈન્ટર-પ્રોવિન્શિયલ T20 ફેસ્ટિવલ રદ કરી દેવામાં આવ્યો છે. ગુરુવારે ક્રિકેટ આયર્લેન્ડે પુષ્ટિ કરી છે કે રવિવારે યોજાનારી આઈરિશ સિનિયર કપ અને નેશનલ કપની મેચો અંગે આગામી ૪૮ કલાકમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે.

ક્રિકેટ આયર્લેન્ડે એક સત્તાવાર નિવેદનમાં કહ્યું કે, ક્રિકેટ આયર્લેન્ડ હાલમાં જે વિસ્તારોમાં અશાંતિનો માહોલ છે ત્યાની પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને આ રવિવારે યોજાનારી આઈરિશ સિનિયર કપ અને નેશનલ કપની મેચો અંગે આગામી ૪૮ કલાકમાં નિર્ણય લેવામાં આવશે.

નિવેદનમાં આગળ કહેવામાં આવ્યું કે, અમે સંબંધિત અધિકારીઓ અને અમારા પ્રોવિન્શિયલ યુનિયનો સાથે સતત સંપર્કમાં છીએ. ખેલાડીઓ, કોચ, મેચ અધિકારીઓ અને સમર્થકોની સુરક્ષા અમારા માટે સૌથી મહત્વપૂર્ણ છે. આ અંગે જેમ જેમ વધુ માહિતી મળશે, તેમ તેમને જાણ કરવામાં આવશે.

એક અહેવાલ પ્રમાણે BCCI પણ બેલફાસ્ટની સ્થિતિ પર બાજ નજર રાખી રહ્યું છે. સિરિઝ શરૂ થતાં પહેલા બેલફાસ્ટમાં વણસેલી સ્થિતિએ BCCIની ચિંતા વધારી દીધી છે. તાજેતરમાં બેલફાસ્ટમાં થયેલી ચાકુબાજીની એક ઘટના બાદ પ્રવાસીઓ વિરુદ્ધ હિંસા ફાટી નીકળી છે. હુમલાનો વીડિયો વાઈરલ થયા બાદ વંશીય તણાવ વધી ગયો છે અને ઘણા વિસ્તારોમાં હિંસક પ્રદર્શનો શરૂ થઈ ગયા છે. બુકાનીધારી પ્રદર્શનકારીઓએ અનેક વાહનોને આગ ચાંપી દીધી છે, દુકાનો તથા વ્યાપારિક પ્રતિષ્ઠાનોને નિશાન બનાવ્યા છે અને જાહેર સંપત્તિને ભારે નુકસાન પહોંચાડ્યું છે.

BCCIના એક સૂત્રએ જણાવ્યું કે, બેલફાસ્ટની વર્તમાન પરિસ્થિતિ પર ઝીણવટભરી નજર રાખવામાં આવી રહી છે. બંને મેચ ક્યાં યોજાશે તે આયર્લેન્ડ ક્રિકેટ બોર્ડ પર નિર્ભર રહેશે. જો તેમની તરફથી કોઈ રિક્વેસ્ટ આવશે તો અમે તેના પર વિચાર કરીશું.

## ન્યૂઝીલેન્ડ ક્રિકેટમાં એક યુગનો અંત

# ન્યૂઝીલેન્ડના સ્ટાર બેટર કેન વિલિયમસને ઈન્ટરનેશનલ ક્રિકેટને કહ્યું અલવિદા

**કેન વિલિયમસની આગેવાનીમાં કીવીએ ભારતને હરાવી આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ જીતી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વેલિંગ્ટન, તા.૧૨ :** ન્યૂઝીલેન્ડના સ્ટાર બેટર કેન વિલિયમસને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી શુક્રવારે સંન્યાસ લઈ લીધો છે. ૩૫ વર્ષીય પૂર્વ કીવી કેપ્ટન આંતરરાષ્ટ્રીય ક્રિકેટના બધા ફોર્મેટમાંથી તત્કાલ પ્રભાવથી નિવૃત્ત થઈ ગયો છે. આ સાથે તેના ૧૬ વર્ષના આંતરરાષ્ટ્રીય કરિયરનો અંત આવી ગયો છે. કેન વિલિયમસની આગેવાનીમાં ન્યૂઝીલેન્ડે ઘણી આઈસીસી ટૂર્નામેન્ટની ફાઈનલ સુધીની સફર કાપી હતી. તેના નેતૃત્વમાં કીવીએ ભારતને હરાવી આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પણ જીતી હતી.



ન્યૂઝીલેન્ડ ક્રિકેટે સત્તાવાર નિવેદનમાં કહ્યું- વિલિયમસને આ જાહેરાત તેના ૧૬ વર્ષના આંતરરાષ્ટ્રીય કરિયરનો અંત કરે છે, આ દરમિયાન તેણે દેશ માટે ૩૭૮ મેચ રમી. અગણિત બેટિંગ રેકોર્ડ બનાવ્યા અને ક્રિકેટ જગતમાં સન્માન અને પ્રશંસા મેળવી.

કેન વિલિયમસને સંન્યાસ બાદ કહ્યુ- હું આ વિશે ઘણા સમયથી વિચારી રહ્યો હતો. પરંતુ છેલ્લા કેટલાક દિવસમાં મને સ્પષ્ટ થઈ ગયું કે હવે સાચો સમય આવી ગયો છે. મેં હંમેશા આંતરરાષ્ટ્રીય ક્રિકેટ માટે એક મજબૂત પ્રેરણા અને ભૂખનો અનુભવ કર્યો છે અને મને તે વાત પર ગર્વ છે કે મેં ન્યૂઝીલેન્ડ માટે રમેલી દરેક મેચમાં મારૂ સર્વસ્વ આપ્યું. ઓછી લગન સાથે આગળ યાત્રા જારી રાખવી યોગ્ય નથી અને મને તે સૌભાગ્ય પ્રાપ્ત છે કે હું મારી શરતો પર અલવિદા કહી રહ્યો છું.

૩૫ વર્ષીય કેન વિલિયમન ન્યૂઝીલેન્ડ માટે સૌથી વધુ રન બનાવનાર બેટર રહ્યો. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વિલિયમસને ૧૯૩૪૬ રન બનાવ્યા, જેમાં ૪૮ સદી અને છ બેવડી સદી સામેલ છે. એક શાનદાર બેટિંગની સાથે તે મજબૂત કેપ્ટન પણ હતો. તેણે ત્રણેય ફોર્મેટમાં ટીમની કમાન સંભાળી હતી. ૨૦૧૬થી ૨૦૨૪ વચ્ચે કેન વિલિયમસન આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં કીવીનો કેપ્ટન રહ્યો. તેની કેપ્ટનશિપમાં કીવી ટીમ બે વખત આઈસીસી ટૂર્નામેન્ટની ફાઈનલમાં અને ત્રણ વખત સેમીફાઈનલમાં પહોંચી હતી. તેની આગેવાનીમાં ટીમે WTC ટ્રોફી જીતી હતી. ૨૦૧૦મા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પર્દાપણ કરનાર વિલિયમસને નવેમ્બર ૨૦૨૫મા ટી૨૦ ક્રિકેટને અલવિદા કહ્યું હતું.

# અમેરિકાના હુમલામાં ભારતીયોના થયેલા મોત પર ભડક્યું ઈરાન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**તેહરાન, તા.૧૨**

ઓમાનના દરિયાકાંઠા નજીક એક કોમર્શિયલ જહાજ પર થયેલા કથિત અમેરિકન હુમલામાં ભારતીય નાવિકોના મોત પર ઈરાને સંવેદના વ્યક્ત કરી છે. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા અને પબ્લિક ડિપ્લોમેસી સેન્ટરના વડા ઈસ્માઈલ બકાઈએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ શેર કરીને આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે જણાવ્યું કે, 'ઈરાન આ હુમલામાં જીવ ગુમાવનારા ભારતીય નાવિકોના પરિવારો અને તેમના મિત્રો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે છે તેમજ ભારતની જનતા અને ભારત સરકાર પ્રત્યે પોતાની ઊંડી સંવેદના વ્યક્ત કરે છે.' પોતાના સત્તાવાર નિવેદનમાં ઈસ્માઈલ બકાઈએ અમેરિકા પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે ગંભીર આક્ષેપ લગાવતાં કહ્યું કે, 'આ હુમલો અમેરિકાની કથિત સશસ્ત્ર લૂંટ અને સરકારી દરિયાઈ લૂંટફાટની ચાલી રહેલી નીતિનું સ્પષ્ટ ઉદાહરણ છે. તેમના મતે, આ પ્રકારની સૈન્ય કાર્યવાહીઓ આંતરરાષ્ટ્રીય કાયદા અને દરિયાઈ સુરક્ષાના મૂળભૂત સિદ્ધાંતોની વિરુદ્ધ છે. તેમણે વૈશ્વિક સમુદાયને અપીલ કરી છે કે આંતરરાષ્ટ્રીય સમુદાયે અમેરિકાના આવા કથિત ગેરકાનૂની વર્તન માટે તેને જવાબદાર ઠેરવવું જોઈએ, કારણ કે આવી પ્રવૃત્તિઓ વૈશ્વિક શાંતિ અને સુરક્ષા સામે મોટો ખતરો પેદા કરે છે અને આંતરરાષ્ટ્રીય જળમાર્ગો પર સુરક્ષિત તથા મુક્ત અવરજવરને પ્રભાવિત કરે છે.

આ ઘટનાનો ભોગ બનેલા કોમર્શિયલ જહાજ પર કુલ ૨૪ ભારતીય ક્રૂ મેમ્બર્સ સવાર હતા. હુમલા બાદ ત્વરિત કાર્યવાહી કરીને જહાજ પર હાજર ૨૧ ભારતીયોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા, જ્યારે ત્રણ ભારતીય નાવિકો લાપતા હોવાના અહેવાલ હતા. ત્યારબાદ સર્ચ ઓપરેશન દરમિયાન લાપતા ત્રણ પૈકી બે નાવિકોના મૃતદેહ મળી આવ્યા છે. જોકે, જહાજના ચીફ એન્જિનિયર પટાનાલા સુરેશનો હજી સુધી કોઈ પતો લાગ્યો નથી. અહેવાલો અનુસાર, સમય વીતવા સાથે હવે તેમના જીવતા મળવાની આશા ખૂબ જ નહિવત હોવાનું કહેવાય રહ્યું છે. ભારતીય નાવિકોના મોતના કારણે ભારત સરકાર ભારે એક્શનમાં આવી છે અને આ ઘટના પર અત્યંત આકરી પ્રતિક્રિયા આપી છે. ભારતીય વિદેશ મંત્રાલયે આ ઘાતક હુમલાની સખત શબ્દોમાં નિંદા કરી છે. ભારતે આ મામલે સત્તાવાર રીતે પોતાનો વિરોધ નોંધાવવા માટે નવી દિલ્હી સ્થિત અમેરિકન દૂતાવાસના વરિષ્ઠ રાજદ્વારીને બોલાવીને એક ઔપચારિક વિરોધ પત્ર સોંપ્યો છે અને ઘટના અંગે ભારે નારાજગી વ્યક્ત કરી છે.

# ૧૩થી ૧૮ જૂન સુધી ફ્રાન્સના પ્રવાસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૨**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૩થી ૧૮ જૂન દરમિયાન ફ્રાન્સની મુલાકાતે છે. તેઓ ૧૩-૧૪ જૂન ૨૦૨૬ના રોજ નાઈસ, ત્યારબાદ ૧૬-૧૭ જૂને એવિયન અને ૧૭-૧૮ જૂન ૨૦૨૬ના રોજ પેરિસની મુલાકાત લેશે. ૨૦૧૪ પછી આ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ફ્રાન્સની સાતમી સત્તાવાર મુલાકાત હશે. ફ્રાન્સના રાષ્ટ્રપતિએ ૧૭થી ૧૯ ફેબ્રુઆરી દરમિયાન ભારતની મુલાકાત લીધી હતી. જે દરમિયાન બંને દેશો વચ્ચેના સંબંધોને ખાસ વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી સુધી પહોંચાડવામાં આવ્યા હતા. હવે પીએમ મોદી ફ્રાન્સની મુલાકાત લઈ રહ્યા છે.

આ મુલાકાત ભારત અને ફ્રાન્સ વચ્ચે ઉચ્ચ-સ્તરીય સંવાદની ગતિને પ્રતિબિંબિત કરે છે. તેનો મુખ્ય હેતુ ઈનોવેશન, વિજ્ઞાન અને ટેક્નોલોજી, અર્થતંત્ર, સાંસ્કૃતિક સંબંધો અને લોકો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવાનો છે.

પીએમ મોદી, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે નાઈસમાં ઈન્ડિયા ઈનોવેટ્સ ઈવેન્ટનું ઉદ્ઘાટન કરશે. આ કાર્યક્રમ ભારત, ફ્રાન્સ અને વિશ્વના ટોચના ઈનોવેશન સ્ટાર્ટઅપ્સને એકસાથે લાવે છે. ભારત-ફ્રાન્સ ઈનોવેશન વર્ષ દરમિયાન યોજાનારી આ ઈવેન્ટ બંને દેશો વચ્ચે નવીનતા ભાગીદારીને પ્રોત્સાહન આપશે. ફ્રાન્સ અને અન્ય દેશોના ૧૨૦થી વધુ ભારતીય કંપનીઓ/સ્ટાર્ટઅપ્સ અને અગ્રણી બિઝનેસ લીડર્સ, રોકાણકારો અને સીઈઓ ઈન્ડિયા ઈનોવેટ્સમાં ભાગ લે તેવી અપેક્ષા છે.

પીએમ મોદી નાઈસમાં ફ્રેન્ચ રાષ્ટ્રપતિ મેક્રોન સાથે તેમની પ્રથમ દ્વિપક્ષીય સમિટ યોજશે. પીએમ મોદી ૧૬ અને ૧૭ જૂને ફ્રાન્સના એવિયનમાં G-7 સમિટમાં ભાગ લેશે. રાષ્ટ્રપતિ મેક્રોને તેમને સમિટમાં હાજરી આપવા માટે આમંત્રણ આપ્યું છે. G7 સમિટમાં ભારતની હાજરી ગ્લોબલ સાઉથના મહત્વપૂર્ણ અવાજ તરીકે તેની ભૂમિકા દર્શાવે છે.

વડાપ્રધાન ૧૮ જૂને મેક્રોન સાથે યુરોપના સૌથી મોટા ટેકનોલોજી અને સ્ટાર્ટઅપ ઈવેન્ટ, વિવાટેક સમિટમાં હાજરી આપશે. વિવાટેક સમિટમાં ભારતીય પેવેલિયન હશે. જે આ વર્ષે સમિટમાં સૌથી મોટું છે. ઈન્ડિયા ઈનોવેટ્સ અને વિવાટેક સમિટ બંનેમાં વડા પ્રધાન મોદીની ભાગીદારી ભારતને નવીનતા, ડિજિટલ પરિવર્તન અને ઉદ્યોગસાહસિકતા માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે પ્રદર્શિત કરશે અને ભારતીય અને યુરોપિયન ટેકનોલોજી ઈકોસિસ્ટમ વચ્ચે નવી ભાગીદારીને પ્રોત્સાહન આપવાની અપેક્ષા છે.

આ મુલાકાત ભારત અને ફ્રાન્સ સ્પેશિયલ ગ્લોબલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ અને ભારત અને યુરોપિયન યુનિયન સંબંધોને વધુ મજબૂત બનાવવાનો એક મહત્વપૂર્ણ અવસર રહેશે. આ દરમિયાન તમામ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકારની સમીક્ષા કરવામાં આવશે. આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન થશે અને એક સ્થિર, સમૃદ્ધ મલ્ટિપોલર વર્લ્ડ ઓર્ડર બનાવવા માટે યોગદાન મળશે.

ભારત અને ફ્રાન્સે ૧૯૪૭માં ભારતની આઝાદી પછી તરત જ રાજદ્વારી સંબંધો સ્થાપ્યા હતા અને ત્યારથી બંને દેશો વચ્ચે નજીકના અને મિત્રતાપૂર્ણ સંબંધો રહ્યા છે. ૨૬ જાન્યુઆરી ૧૯૯૮ના રોજ શરૂ થયેલી ભારત-ફ્રાન્સ વચ્ચેની સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ હવે ૨૫ વર્ષથી વધુ જૂની છે. આ ભારત માટે કોઈ પશ્ચિમી દેશ સાથેની પ્રથમ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ હતી, જ્યારે ફ્રાન્સ માટે કોઈ ગેર-પશ્ચિમી દેશ સાથેની પ્રથમ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ હતી.

આ મુલાકાત ઉચ્ચસ્તરીય રાજકીય સંવાદને પ્રોત્સાહન આપશે અને ભારત-ફ્રાન્સ સંબંધોને મજબૂત બનાવશે. ખાસ કરીને ઈનોવેશન, વિજ્ઞાન અને ટેકનોલોજી અને ઈકોનોમિક કોર્પોરેશન જેવા ક્ષેત્રોમાં. વર્તમાન વૈશ્વિક વાતાવરણમાં તે આપણી ખાસ વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવશે, જે યુરોપ અને યુરોપિયન યુનિયન સાથે સહકારને વધુ ગાઢ બનાવવા અને વિશ્વસનીય મિત્ર સાથે આપણા સહયોગને આગળ વધારવાના આપણા વિઝન સાથે સુસંગત છે. જેનાથી આર્થિક અને સુરક્ષા ક્ષેત્રોમાં આપણી રાષ્ટ્રીય ક્ષમતાઓને મજબૂત બનાવવામાં આવશે.

## મમતા બેનર્જીની મુશ્કેલી વધી શકે છે : કોલકાતામાં નોંધાઈ FIR

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાતા, તા.૧૨**

પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી તથા તૃણમૂલ કોંગ્રેસ (TMC) અધ્યક્ષ મમતા બેનર્જી સામે લગભગ બે મહિના જૂની 'હેટ સ્પીચ' મામલે FIR નોંધવામાં આવી છે. કોલકાતા પોલીસે કથિત નફરત ફેલાવતા ભાષણને લઈને તેમની વિરુદ્ધ આ ફરિયાદ નોંધી છે. મમતા બેનર્જી પર પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી પહેલા કોલકાતામાં એક વિરોધ પ્રદર્શનના મંચ પરથી કથિત રીતે સામ્પ્રદાયિક ટિપ્પણી કરવાનો આરોપ છે.

ફરિયાદીએ આરોપ લગાવ્યો છે કે, પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી પહેલાં કોલકાતામાં યોજાયેલા એક વિરોધ પ્રદર્શનના મંચ પરથી મમતા બેનર્જીએ સામ્પ્રદાયિક ટિપ્પણી કરી હતી, જેનાથી સામ્પ્રદાયિક નફરત ફેલાઈ હતી. આ કેસ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૧૯૬(૧), ૩૫૧(૨) અને ૩૫૨ હેઠળ હેર સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે. પોલીસે 'ઝીરો FIR' નોંધીને કેસ હેર સ્ટ્રીટ પોલીસ સ્ટેશનને મોકલી આપ્યો છે.

મમતા બેનર્જીએ તે વિરોધ પ્રદર્શનમાં કહ્યું હતું, "અમે છીએ, એટલે તમે બધા સુરક્ષિત છો. જો અમે અહીં ન હોત, તો કોઈ ખાસ સમુદાય એક જૂથ બનાવીને તમને ઘેરી લેત અને તે તમને એક સેકન્ડમાં ખતમ કરી દેત." આ નિવેદનને લઈને વિવાદ વધ્યો છે.

નોંધનીય છે કે, આ પહેલા સાંસદ અને TMC મહાસચિવ અભિષેક બેનર્જી સામે પણ ચૂંટણી પ્રચાર દરમિયાન આપેલા આક્રમક નિવેદનોને લઈને FIR નોંધાઈ ચૂકી છે. વર્તમાન કેસમાં પોલીસ તપાસ ચાલુ છે.

# લીપફ્રોગ એન્જિનિયરિંગ સર્વિસિસ લિમિટેડે રૂા.૮૮.૫૧ કરોડના IPOની જાહેરાત કરી; ઈશ્યૂ ૧૭ જૂનથી ખુલશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**અમદાવાદ, તા.૧૨**

લીપફ્રોગ એન્જિનિયરિંગ સર્વિસિસ લિમિટેડ જે ઈલેક્ટ્રિકલ સિસ્ટમ્સ, ઈન્સ્ટ્રુમેન્ટેશન, ઈન્ડસ્ટ્રીયલ ઓટોમેશન, ફાયર ડિટેક્શન અને પ્રોટેક્શન સિસ્ટમ્સ તેમજ મોડ્યુલર સબસ્ટેશન સોલ્યુશન્સ ક્ષેત્રે વિશેષતા ધરાવતી એક સંકલિત એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ, કન્સ્ટ્રક્શન અને કમિશનિંગ કંપની છે, તેણે તેના પ્રારંભિક જાહેર નિર્ગમની જાહેરાત કરી છે. આ IPO બુધવાર, ૧૭ જૂન, ૨૦૨૬ના રોજ સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને શુક્રવાર, ૧૯ જૂન, ૨૦૨૬ના રોજ બંધ થશે. કંપનીના ઈક્વિટી શેરો BSE SME પ્લેટફોર્મ પર લિસ્ટ કરવાની દરખાસ્ત કરવામાં આવી છે. ઈશ્યૂ માટે ફિનશોર મેનેજમેન્ટ સર્વિસિસ લિમિટેડ બુક રનિંગ લીડ મેનેજર તરીકે કાર્યરત છે, જ્યારે ઈન્ટિગ્રેટેડ રજિસ્ટ્રી મેનેજમેન્ટ સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ રજિસ્ટ્રાર ટુ ધ ઈશ્યૂ તરીકે નિયુક્ત કરવામાં આવી છે.

IPOમાં ૩,૪૬,૦૮,૦૦૦ ઈક્વિટી શેરોનો ફ્રેશ ઈશ્યૂ સામેલ છે, જે દ્વારા રૂા.૭૯.૬૦ કરોડ સુધીની રકમ એકત્રિત કરવામાં આવશે. ઉપરાંત, ૩૮,૭૬,૦૦૦ ઈક્વિટી શેરોનો ઓફર ફોર સેલ (OFS) સામેલ છે, જે દ્વારા રૂા.૮.૯૧ કરોડ સુધીની રકમ પ્રાપ્ત થશે. આમ, અપર પ્રાઈસ બેન્ડ મુજબ કુલ ૩,૮૪,૮૪,૦૦૦ ઈક્વિટી શેરોનો રૂા.૮૮.૫૧ કરોડનો ઈશ્યૂ રજૂ કરવામાં આવ્યો છે. ઈશ્યૂનો પ્રાઈસ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર રૂા.૨૧ થી રૂા.૨૩ નક્કી કરવામાં આવ્યો છે, જ્યારે પ્રતિ શેરનું ફેસ વેલ્યુ રૂા.૧ છે. રોકાણકારો ઓછામાં ઓછા




૨ લોટ એટલે કે ૧૨,૦૦૦ ઈક્વિટી શેરો માટે અને ત્યારબાદ ૬,૦૦૦ શેરોના ગુણાંકમાં અરજી કરી શકશે. અપર પ્રાઈસ બેન્ડ રૂા.૨૩ પ્રતિ શેરના આધારે રિટેલ રોકાણકાર માટે લઘુત્તમ રોકાણ રકમ રૂા.૨.૭૬ લાખ રહેશે.

ભારતીય નાવિકો માટે જાહેર કરી એડવાઈઝરી

# ખાડી ક્ષેત્રમાં દરિયાઈ સુરક્ષાને લઈને ભારત સરકાર ચિંતિત

**આ એડવાઈઝરી ભારતીય ધ્વજવાળા જહાજો અને ઈરાની પ્રદેશ, પર્સિયન ગલ્ફ, હોર્મુઝ સ્ટ્રેટ અને નજીકના પાણીમાં કાર્યરત ભારતીય ખલાસીઓ માટે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૨**

મધ્ય પૂર્વમાં વધતા તણાવ અને વેપારી જહાજો પર સતત હુમલાઓ વચ્ચે ભારત સરકારે એક મોટું અને કડક પગલું ભર્યું છે. હોર્મુઝ સ્ટ્રેટ અને ઓમાનના અખાતની આસપાસ વેપારી નૌકાદળના જહાજોને નિશાન બનાવવાની ઘટનાઓ બાદ ભારતના શિપિંગ ડિરેક્ટોરેટ જનરલે એક નવી અને કડક મેરિટાઈમ સિક્યોરિટી એડવાઈઝરી જાહેર કરી છે.

આ એડવાઈઝરી ભારતીય ધ્વજવાળા જહાજો અને ઈરાની પ્રદેશ, પર્સિયન ગલ્ફ, હોર્મુઝ સ્ટ્રેટ અને નજીકના પાણીમાં કાર્યરત ભારતીય ખલાસીઓ માટે છે. ભારતીય ક્રૂ સાથેના વાણિજ્યિક જહાજો પર તાજેતરમાં થયેલા ત્રણ મોટા હુમલાઓ બાદ ભારત સરકાર અત્યંત ગંભીર અને સતર્ક બની છે. ભારત સરકાર તરફથી આ ઝડપી પ્રતિક્રિયા ઓમાનના દરિયાકાંઠે તાજેતરમાં થયેલા હુમલા પછી આવી છે, જેણે સમગ્ર વિશ્વને આઘાત પહોંચાડ્યો હતો. આ દુઃખદ ઘટનામાં ત્રણ ભારતીય ખલાસીઓ માર્યા ગયા હતા. આ પ્રદેશ વિશ્વના સૌથી વ્યસ્ત અને સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ કોરિડોરમાંનો એક છે, જેમાંથી ક્રૂડ તેલ અને ગેસ પુરવઠાનો નોંધપાત્ર હિસ્સો પસાર થાય છે.

ગલ્ફ રિજન અને આસપાસના પાણીમાં ઝડપથી વિકસતી સુરક્ષા પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારત સરકાર ભારતીય નાવિકોનું રક્ષણ કરવા અને ભારતના દરિયાઈ હિતોનું રક્ષણ કરવા માટે પ્રતિભાવ પદ્ધતિઓનું નિરીક્ષણ અને સંકલન કરવાનું ચાલુ રાખે છે. બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય (MoPSW), શિપિંગ મહાનિર્દેશાલય (DGS) દ્વારા હોર્મુઝ સ્ટ્રેટ ઓમાનના અખાત અને નજીકના દરિયાઈ વિસ્તારોમાં અને તેની આસપાસના વિકાસ પર સતત દેખરેખ રાખી રહ્યું છે.

એક અખબારી યાદી અનુસાર, "સરકાર ભારતીય નાવિકોને સમયસર સમર્થન અને સહાય સુનિશ્ચિત કરવા માટે વિદેશ મંત્રાલય, ભારતીય નૌકાદળ, વિદેશમાં ભારતીય મિશન, મિત્ર દેશોના દરિયાઈ વહીવટ, શિપિંગ કંપનીઓ, નાવિક કલ્યાણ સંગઠનો અને અન્ય સંબંધિત હિસ્સેદારો સાથે નજીકથી સંકલન કરી રહી છે. આ ક્ષેત્રમાં કાર્યરત વેપારી જહાજો સાથે જોડાયેલી તાજેતરની સુરક્ષા ઘટનાઓએ વાણિજ્યિક શિપિંગ સામે વધતા જોખમોને ઉજાગર કર્યા છે. વૈશ્વિક વેપાર અને ઉર્જા સુરક્ષા માટે આ આંતરરાષ્ટ્રીય શિપિંગ લેનનું વ્યૂહાત્મક મહત્વ ઓળખીને, સરકારે તમામ સંબંધિત એજન્સીઓને ઉચ્ચ સતર્ક રહેવા અને ભારતીય નાવિકો અથવા ભારતીય દરિયાઈ હિતોને લગતી કોઈપણ આકસ્મિક ઘટનાનો જવાબ આપવા માટે તૈયારી જાળવવાનો નિર્દેશ આપ્યો છે,"

શિપિંગ મહાનિર્દેશાલયે સંઘર્ષગ્રસ્ત પાણીમાં પસાર થતા ભારતીય અને વિદેશી ધ્વજવાળા જહાજોમાં સેવા આપતા તમામ ભારતીય નાવિકોને ઉચ્ચતમ સ્તરની સાવધાની અને સતર્કતા રાખવાની સલાહ આપી છે. જહાજ સંચાલકો, જહાજ સંચાલકો અને શિપિંગ કંપનીઓને પણ પ્રવર્તમાન દરિયાઈ સુરક્ષા પ્રોટોકોલનું કડક પાલન કરવાની, પરિસ્થિતિગત જાગૃતિ વધારવાની અને ભારત સરકાર અને સક્ષમ આંતરરાષ્ટ્રીય સત્તાવાળાઓ દ્વારા જાહેર કરાયેલી એડવાઈઝરીનું સતત નિરીક્ષણ કરવાની સલાહ આપવામાં આવી છે.

હિસ્સેદારોને તાત્કાલિક હસ્તક્ષેપ અને સંકલનને સરળ બનાવવા માટે ભારતીય નાવિકો સાથે સંકળાયેલી કોઈપણ ઘટનાની તાત્કાલિક જાણ શિપિંગ મહાનિર્દેશાલયને કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે. ભારતીય નાવિકો અને તેમના પરિવારોને સહાય પૂરી પાડવા માટે સમર્પિત સંદેશાવ્યવહાર ચેનલો અને કટોકટી પ્રતિભાવ પદ્ધતિઓ ચોવીસ કલાક કાર્યરત રહે છે. કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી (MoPSW) સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે, "સરકાર ખાડી ક્ષેત્રમાં બદલાતી પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે અને દરેક ભારતીય નાવિકની સલામતી, સુરક્ષા અને કલ્યાણ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. વિદેશમાં તમામ સંબંધિત મંત્રાલયો, એજન્સીઓ અને મિશન નજીકના સંકલનમાં કામ કરી રહ્યા છે જેથી જરૂર પડે ત્યારે સમયસર સહાય અને સહાય મળે. આ પ્રદેશમાં નોંધાયેલી તાજેતરની ઘટનાઓમાં પલાઉ-ધ્વજવંદન ધરાવતું મધ્યમ શ્રેણીનું ટેક્કર, MT સેટેબેલો (IMO 9162916), ૨૮ ક્રૂ સભ્યોને લઈને ૨૪ ભારતીય નાવિકો સહિત, ૧૦જૂન ૨૦૨૬ના રોજ ઓમાનના સોહરથી લગભગ ૨૦ નોટિકલ માઈલ ઉત્તર-પૂર્વમાં કાર્યરત હતું ત્યારે મિસાઈલ હુમલો થયો હતો. ઓમાનના મેરીટાઇમ સિક્યુરિટી સેન્ટર અને જહાજના મેનેજમેન્ટ તરફથી મળેલી માહિતી અનુસાર, આ હુમલામાં ત્રણ ભારતીય નાવિકોએ દુઃખદ રીતે પોતાના જીવ ગુમાવ્યા હતા.

# SpaceXના IPOનો ધમાકો: દુનિયાના પ્રથમ ટ્રિલિયોનેર બન્યા ઈલોન મસ્ક

**બિલિયોનગર નહીં હવે કહો ટ્રિલિયનર મસ્ક, ઇતિહાસમાં પહેલીવાર કોઈ વ્યક્તિ ૧૩ અંકોની સંપત્તિ સુધી પહોંચ્યા**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન, તા.૧૨**

દુનિયાના સૌથી અમીર વ્યક્તિ એલન મસ્કે એક નવો એવો રેકોર્ડ બનાવી દીધો છે, જેને અત્યાર સુધી કોઈ સ્પર્શી શક્યું ન હતું. SpaceX ના રેકોર્ડબ્રેક IPO બાદ મસ્કની કુલ સંપત્તિ ૧ ટ્રિલિયન ડોલર એટલે કે એક લાખ કરોડ ડોલરને પાર પહોંચી ગઈ છે. આની સાથે જ મસ્ક દુનિયાના પ્રથમ ટ્રિલેનિયર (Trillionaire) બની ગયા છે.

રોયટર્સના રિપોર્ટ અનુસાર, સ્પેસએક્સે પોતાના IPO દ્વારા ૭૫ અબજ ડોલર એકઠા કર્યા છે. આ ઐતિહાસિક લિસ્ટિંગ બાદ કંપનીનું વેલ્યુએશન ઝડપથી વધ્યું અને મસ્કની નેટવર્થ પણ ૧.૧ ટ્રિલિયન ડોલરથી વધુ પહોંચી ગઈ. IPO પહેલા ફોર્બ્સે તેમની સંપત્તિ આશરે ૭૮૦ અબજ ડોલર આંકી હતી.

મસ્કની સંપત્તિ એટલી મોટી થઈ ચૂકી છે કે જો આની સરખામણી દુનિયાના દેશોની અર્થવ્યવસ્થા (Economy) સાથે કરવામાં આવે તો તેઓ કેટલાય દેશોથી આગળ નીકળી જાય છે. વર્તમાનમાં દુનિયામાં માત્ર ૨૧ દેશોની જીડીપી (GDP) ૧ ટ્રિલિયન ડોલર કરતા વધારે છે. આ હિસાબે એલન મસ્કની વ્યક્તિગત સંપત્તિ દુનિયાની ૨૨મી સૌથી મોટી અર્થવ્યવસ્થા બરાબર પહોંચી ગઈ છે.

મસ્કની સંપત્તિનો સૌથી મોટો હિસ્સો સ્પેસએક્સમાં તેમની ભાગીદારીમાંથી આવે છે. રિપોર્ટ અનુસાર કંપનીમાં તેમની હિસ્સેદારીની કિંમત આશરે ૮૬૬ અબજ ડોલર છે. આ સિવાય ઈલેક્ટ્રિક કાર કંપની ટેસ્લા, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (અગાઉનું ટ્વિટર), ન્યૂરાલિંક અને ધ બોરિંગ કંપનીમાં પણ તેમની મોટી હિસ્સેદારી છે.

૫૪ વર્ષના એલન મસ્કનો જન્મ દક્ષિણ આફ્રિકામાં થયો હતો. તેમણે ટેસ્લા અને સ્પેસએક્સ દ્વારા દુનિયામાં પોતાની એક અલગ ઓળખ બનાવી. ટેસ્લાએ ઈલેક્ટ્રિક વાહનોની દુનિયામાં ક્રાંતિ લાવી દીધી, જ્યારે સ્પેસએક્સે ખાનગી અંતરિક્ષ ક્ષેત્રને નવી દિશા આપી.

માર્કેટ એક્સપર્ટ્સનું કહેવું છે કે રોકાણકારો માત્ર કંપનીઓ પર નહીં, પરંતુ મસ્કના વિઝન પર દાવ લગાવી રહ્યા છે. આ જ કારણે તેમની કંપનીઓને મળતું વેલ્યુએશન હવે 'એલન પ્રીમિયમ' ના નામે ઓળખાય છે. જો કે, વિવેચકોનું માનવું છે કે કોઈ એક વ્યક્તિના હાથમાં આટલી આર્થિક અને વ્યાપારિક તાકાતનું કેન્દ્રિત થવું કેટલાય સવાલો પણ ઊભા કરે છે. આમ છતાં, રોકાણકારોનો ભરોસો મસ્ક પર સતત જળવાયેલો છે. દુનિયાએ અત્યાર સુધી કેટલાય અબજોપતિઓ જોયા છે, પરંતુ ટ્રિલેનિયરનો દરજ્જો મેળવનારા એલન મસ્ક પ્રથમ વ્યક્તિ બની ગયા છે. તેમની આ સિદ્ધિ માત્ર બિઝનેસ જગતમાં જ નહીં પરંતુ વૈશ્વિક આર્થિક ઈતિહાસમાં પણ એક નવો અધ્યાય જોડે છે.

# સલમાન ખાને ફિલ્મ કાલા હિરન: બેટલ ફોર લેગસીની રિલીઝ રોકવા માટે અરજી દાખલ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૧૨**

બોલિવૂડ એક્ટર સલમાન ખાને કાલા હિરણ: બેટલ ફોર લીગેસી ની રિલીઝ પર રોક લગાવવા માટે દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. તેમનો આક્ષેપ છે કે આ ફિલ્મ તેમના ૧૯૯૮ ના કાળિયાર શિકાર કેસ પર આધારિત છે. કોર્ટ આ મામલે વચગાળાની રોક લગાવવાની અરજી પર ટૂંક સમયમાં સુનાવણી કરશે. દિલ્હી હાઈકોર્ટમાં દાખલ કરાયેલી અરજીમાં સલમાન ખાને દાવો કર્યો છે કે ફિલ્મના નિર્માતાઓએ તેમના જેવા દેખાતા કલાકારનો ઉપયોગ કર્યો છે. ફિલ્મના પ્રોમોમાં એક એવો વ્યક્તિ બતાવવામાં આવ્યો છે, જે તેમના જેવો લાગે છે અને તેણે સલમાન જેવું બ્રેસલેટ પણ પહેરેલું છે. સલમાન ખાનની અરજી મુજબ, મેકર્સ પોતાની ફિલ્મને પ્રમોટ કરવા માટે પરવાનગી વગર સલમાન ખાનના નામ અને તેમની ઈમેજનો સહારો લઈ રહ્યા છે, જે તેમના પબ્લિસિટી અને પર્સનાલિટી રાઈટ્સનું સીધું ઉલ્લંઘન છે.

સલમાન ખાને પોતાની અરજીમાં કહ્યું છે કે ફિલ્મની રિલીઝ તેમના વિરૂદ્ધ ચાલી રહેલી કાનૂની કાર્યવાહીને પ્રભાવિત કરી શકે છે અને તેમની પબ્લિક ઈમેજને નુકસાન પહોંચાડી શકે છે. આ જ કારણે તેમણે ફિલ્મના પ્રોડક્શન, પ્રમોશન, રિલીઝ અને સ્ટ્રીમિંગ પર રોક લગાવવાની માંગ કરી છે. જણાવી દઈએ કે, પ્રોડ્યુસર અમિત જાનીએ થોડા દિવસો પહેલા ફિલ્મ કાલા હિરણ ની જાહેરાત કરી હતી. આ ફિલ્મ સુપરસ્ટાર સલમાન ખાનના કાળિયાર શિકાર કેસ પર આધારિત છે. ફિલ્મના પહેલા પોસ્ટરમાં સલમાન હાથમાં બંદૂક તાકેલા જોવા મળ્યા હતા. આ પછી સલમાન ખાને કાલા હિરણ ના મેકર્સને નોટિસ મોકલી હતી. તેમાં ફિલ્મના પ્રોડક્શન અને પ્રમોશનને રોકવાની માંગ કરવામાં આવી હતી. જો કે, અમિત જાનીએ સ્પષ્ટ કહ્યું હતું કે તેઓ આ નોટિસનો જવાબ નહીં આપે. તેમણે એક વીડિયો પણ શેર કર્યો હતો, જેમાં તેઓ સલમાન ખાનની નોટિસ ફાડતા જોવા મળ્યા હતા.

હવે મેકર્સે કાલા હિરણ નો ફર્સ્ટ લુક જાહેર કરી દીધો છે, જેમાં એક એવો વ્યક્તિ બતાવવામાં આવ્યો છે, જે ભાઈજાન જેવો લાગે છે અને તેણે સલમાન ખાન જેવું બ્રેસલેટ પણ પહેરેલું છે. પ્રોમો રિલીઝ થતાં જ સલમાન ખાને હવે હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા છે. આ મામલાની સુનાવણી આજે (૧૨ જૂન) થશે.




અક્ષય-સુનિલની જોડીએ જમાવ્યો રંગ

# ભારતની પહેલી '૨૦૦૦ કરોડની ફેક ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ'નું ટ્રેલર રિલિઝ




**ટ્રેલરમાં અક્ષય કુમાર અને પરેશ રાવલ ઉપરાંત રાજપાલ યાદવ, રવીના ટંડન, સુનિલ શેટ્ટી, લારા દત્તા, ફરીદા જલાલ જોવા મળ્યાં**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

બોલિવૂડની સૌથી લોકપ્રિય કોમેડી ફ્રેન્ચાઈઝી 'વેલકમ'ની આગામી ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ'નું મોસ્ટ અવેટેડ ટ્રેલર આજે ૧૧ જૂનના રોજ સત્તાવાર રીતે રિલીઝ કરી દેવામાં આવ્યું છે. ફિલ્મ સિનેમાઘરોમાં રિલીઝ થવાના બરાબર ૧૫ દિવસ પહેલા આવેલા આ ટ્રેલરે સોશિયલ મીડિયા પર આવતાની સાથે જ તહેલકો મચાવી દીધો છે.

બોલિવૂડના દિગ્ગજ કલાકારોની ફોજથી સજ્જ આ ટ્રેલરમાં એક્શન, કોમેડી, રોમાન્સ, ડ્રામા અને સસ્પેન્સ ભરપૂર માત્રામાં જોવા મળી રહ્યું છે. જેવી રીતે આશા રાખવામાં આવી રહી હતી કે 'વેલકમ' સીરિઝની આ ત્રીજી ફિલ્મ હાસ્ય અને રોમાંચનો ડબલ ડોઝ આપશે, ટ્રેલર તે અપેક્ષાઓ પર બિલકુલ ખરું ઉતર્યું છે. ટ્રેલરમાં કેટલીક જગ્યાએ અક્ષય કુમાર અને સુનિલ શેટ્ટી વચ્ચેની નોકઝોક અને કેમિસ્ટ્રી જોઈને ચાહકોને સુપરહિટ ફિલ્મ 'હેરા ફેરી'ના દિવસો યાદ આવી જશે.

આ ફિલ્મના ટ્રેલર લોન્ચિંગ માટે YRF સ્ટુડિયો ખાતે એક ભવ્ય ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં ફિલ્મના તમામ સ્ટાર્સે સાથે મળીને ખૂબ મસ્તી કરી હતી. આ ટ્રેલર દર્શાવે છે કે ફિલ્મમાં નોન-સ્ટોપ કન્ફ્યુઝન, અફરાતફરી અને ભરપૂર ફેમિલી એન્ટરટેઈનમેન્ટ મળવાનું છે. અંદાજે ૪ મિનિટ ૧૦ સેકન્ડ લાંબા આ ટ્રેલરની શરૂઆત જ એક અત્યંત રમુજી સ્ટેટમેન્ટથી થાય છે, જેમાં સ્ક્રીન પર લખેલું જોવા મળે છે, 'ઈન્ડિયાની પહેલી ૨૦૦૦ કરોડી ફેક ફિલ્મ'. ટ્રેલરની શરૂઆતમાં જ્યારે જેકલીન ફર્નાન્ડીઝ પૂછે છે કે, "ટાઇટલ ક્યાં હૈ તુમકા?" ત્યારે પરેશ રાવલ પોતાના આગવા અંદાજમાં જવાબ આપે છે કે, "એક જબરદસ્ત કહાની હૈ — વેલકમ ટુ ધ જંગલ". ત્યારબાદ ટ્રેલરમાં ફિલ્મની આખી સ્ટારકાસ્ટનો ખૂબ જ ફની રીતે પરિચય કરાવવામાં આવે છે. આગળ જતાં પરેશ રાવલ પોતાની ટીમને સમજાવે છે કે આ એક આર્મી બેઝ્ડ ફિલ્મ છે. ટૂંકમાં, ફિલ્મ બનાવવા માટે કેવા-કેવા જુગાડ અને તિકડમ લગાવવા પડે છે, આખી વાર્તા તેની આસપાસ વણાયેલી છે.

ટ્રેલરમાં અક્ષય કુમાર અને પરેશ રાવલ ઉપરાંત રાજપાલ યાદવ, રવીના ટંડન, સુનિલ શેટ્ટી, લારા દત્તા, ફરીદા જલાલ અને જેકી શ્રોફ જેવા દરેક કલાકારોને પોતાની કોમેડી ટાઈમિંગ ચમકાવવાની પૂરતી તક મળી છે. આ ઉપરાંત અક્ષય અને સુનિલ શેટ્ટીના રિયલ લાઈફ સાથે જોડાયેલા કેટલાક કિસ્સાઓ પણ ફિલ્મમાં ફની એંગલ તરીકે વણી લેવાયા છે.

## લાંબા સમય બાદ હું એક બહુ ગમતું, હુંફભર્યું અને મનમોહક પાત્ર ભજવી રહ્યો છું : શાહિદ કપૂર

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

શાહિદ કપૂર રોમેન્ટિક-કોમેડી જોનરમાં 'કોકટેલ ૨' દ્વારા વાપસી કરી રહ્યો છે, ત્યારે હવે ફિલ્મમાં પોતાના પાત્ર કુણાલ વિશે કેટલીક નવી વાતો શેર કરી છે. શાહિદની તાજેતરની ફિલ્મોમાં ગંભીર અને નૈતિક રીતે જટિલ પાત્રો જોવા મળ્યા હતા, તેથી આ ફિલ્મને લઈને દર્શકોમાં પહેલેથી જ ભારે ઉત્સુકતા છે. આ વર્ષો દરમિયાન શાહિદે વિવિધ પ્રકારના પાત્રો ભજવીને પોતાની આગવી ઓળખ બનાવી છે. 'ઇશ્ક વિશ્ક' જેવી ફિલ્મોથી રોમેન્ટિક હીરો તરીકે કારકિર્દીની શરૂઆત કરનાર શાહિદ બાદમાં 'કમીને', 'હૈદર' અને તાજેતરની 'ઓ રોમિયો' જેવી ફિલ્મોમાં વધુ ઊંડા અને અનોખા પાત્રો તરફ વળ્યો હતો. પરંતુ 'કોકટેલ ૨' સાથે તે ફરી એ જગ્યા તરફ પાછા ફરી રહ્યો છે, જ્યાંથી તેણે શરૂઆત કરી હતી.

એક ઇન્ટરવ્યૂમાં શાહિદે જણાવ્યું કે, તેને આ પાત્ર કેમ ગમ્યું અને તે તેના તાજેતરના પાત્રોથી કેટલું અલગ છે. શાહિદે કહ્યું, "ખૂબ લાંબા સમય પછી હું એવું પાત્ર ભજવી રહ્યો છું, જે આલ્ફા, કઠોર, ગ્રે અથવા ધારદાર નથી. હું એક ઘણું ગમતું, હુંફભર્યું અને મનમોહક પાત્ર ભજવી રહ્યો છું." શાહિદના આ નિવેદનથી તેમના ચાહકોમાં ઉત્સાહ વધ્યો છે, કારણ કે ઘણા લોકો તેને રોમેન્ટિક ડ્રામા અને હળવી મનોરંજક ફિલ્મોમાં જોવા પસંદ કરે છે. કુણાલ તરીકેની તેની ભૂમિકા એક નરમ અને લાગણીસભર પાસું રજૂ કરશે, જે છેલ્લા કેટલાક વર્ષોમાં તેનાં દ્વારા ભજવાયેલા ઊંડા અને ગંભીર પાત્રોથી એકદમ વિપરીત હશે.

'કોકટેલ ૨' અંગેના અહેવાલો અનુસાર, તે પ્રથમ વખત રશ્મિકા મંદન્ના સાથે સ્ક્રીન શેર કરશે. ઉપરાંત, 'તેરી બાતોં મેં ઐસા ઉલઝા જિયા'ની સફળતા બાદ તે ફરી એકવાર ક્રિતિ સેનન સાથે જોવા મળશે, જેના કારણે ફિલ્મની સ્ટારકાસ્ટ પણ ચર્ચાનો વિષય બની છે. હોમી અડજાણિયાના ડિરેક્શનમાં અને લવ રંજન તથા તરુણ જૈનના લેખનમાં બનેલી આ ફિલ્મ દિનેશ વિજાન, લવ રંજન અને અંકુર ગર્ગ દ્વારા મેડોક ફિલ્મ્સ અને લવ ફિલ્મ્સના બેનર હેઠળ પ્રોડ્યુસ કરવામાં આવી છે. જોકે ફિલ્મને ૨૦૧૨ની હિટ ફિલ્મ 'કોકટેલ'ની સ્પિરિચ્યુઅલ સિક્વલ તરીકે પ્રમોટ કરવામાં આવી રહી છે, પણ તેમાં સંપૂર્ણપણે નવા પાત્રો અને નવી વાર્તા જોવા મળશે. આ આધુનિક રોમેન્ટિક કોમેડી-ડ્રામા ત્રણ યુવાન લોકોનાં જીવનમાં પ્રેમ, મિત્રતા અને બ્રેકઅપના બદલાતા સંબંધોની કહાની રજૂ કરે છે. મિત્રતાથી પ્રેમ સુધી અને પછી ઊભી થતી અણધારી મુશ્કેલીઓ તથા સંઘર્ષો તેમની ભાવનાત્મક સફરને આકાર આપે છે. આ ફિલ્મ ૧૯ જૂન, ૨૦૨૬ના રોજ વિશ્વભરમાં રિલીઝ થશે.

૧૨ જૂને રિલીઝ પહેલાં ફિલ્મનું નામ બદલીને 'હીર સારા' કરવામાં આવ્યું

# 'હીર સારા ઔર પોંડીચેરી'ના નામ પર છેલ્લી ઘડીએ સેન્સરે વાંધો ઉઠાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

પત્રલેખા અને માનવી ગગરૂની ફિલ્મ 'હીર સારા ઔર પોંડીચેરી' પહેલાં 29 મેએ રિલીઝ થવાની હતી. રિલીઝના ચાર દિવસ પહેલાં જાહેર કરવામાં આવ્યું કે હવે ફિલ્મ પોસ્ટપોન કરવામાં આવી છે અને ફિલ્મ હવે 12 જૂને રિલીઝ થશે. સાથે જ એવી પણ જાહેરાત કરવામાં આવી કે હવેથી ફિલ્મનું નામ 'હીર સારા' હશે. ત્યારે હવે આ ફિલ્મની બદલાયેલી તારીખ અને નામ અંગેના અહેવાલો અનુસાર, "ફિલ્મ જોયાં પછી સેન્સરની એક્ઝામિનિંગ કમિટીને કેટલાક સીન અને થીમ સ્વીકારવાલાયક લાગ્યા નહીં. આ પ્રક્રિયામાં થોડો સમય લાગી ગયો, તેના કારણે મેકર્સે ફિલ્મને બે અઠવાડિયા પાછી ઠેલી હતી. તે ઉપરાંત ફિલ્મનાં નામમાંથી પોંડીચેરી શબ્દ પણ દૂર કરવાનું કહેવાયું હતું.




સીબીએફસીના સભ્યોને લાગતું હતું કે, ફિલ્મ એક ચોક્કસ અને મેચ્યોર વિષય પર આધારીત છે તેથી તેને દેશના કોઈ જ કેન્દ્ર શાસિત પ્રદેશ સાથે તેને જોડવું જોઈએ નહીં." 'હીર સારા'ને સેન્સરે સૂચવેલા કટના લિસ્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ફિલ્મનાં નામમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. ઉપરાંત, ફિલ્મના બીજા ભાગમાં આવેલા એક અપમાનજનક શબ્દને દૂર કરવા માટે નિર્માતાઓને સૂચના આપવામાં આવી હતી. આ ફેરફારો કર્યા બાદ સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશને 29 મેના રોજ ફિલ્મને 'A' (એડલ્ટ) સર્ટિફિકેટ આપ્યું હતું. સેન્સર સર્ટિફિકેટ મુજબ ફિલ્મની લંબાઈ 99 મિનિટ અને 17 સેકન્ડ છે. એટલે કે 'હીર સારા'નો કુલ સમયગાળો 1 કલાક, 39 મિનિટ અને 17 સેકન્ડનો છે.

કાર્તિક ચૌધરીના દિગ્દર્શનમાં બનેલી 'હીર સારા'માં પત્રલેખા અને માનવી ગગરૂ સાથે આરિફ ઝકારિયા, શ્વેતા સાલ્વે અને નિશંક વર્મા મહત્વપૂર્ણ સહાયક ભૂમિકાઓમાં જોવા મળશે. ફિલ્મ બે મહિલાઓની ભાવનાત્મક અને પરિવર્તનશીલ રોડ-જર્નીની કહાની રજૂ કરે છે, જેમાં તેઓ વ્યક્તિગત સંઘર્ષો, સામાજિક અપેક્ષાઓ અને ઈમોશનલ હીલિંગમાંથી પસાર થાય છે. સેન્સરના આ નિર્ણયે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અનેક સવાલો ઉભા કર્યા છે.

ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા એક સુત્રએ જણાવ્યું, "'ધ કાશ્મીર ફાઈલ્સ' (2022), 'ધ કેરળ સ્ટોરી' (2023), 'ઉદયપુર ફાઈલ્સ' (2025) અને 'ધ બંગાલ ફાઈલ્સ' (2025) જેવી ફિલ્મોને CBFCએ તેમનાં મૂળ નામ સાથે જ મંજૂરી આપી હતી. 'આગ્રા' (2024) અને 'અલીગઢ' (2016) પણ તેમનાં મૂળ નામ સાથે રિલીઝ થઈ હતી. તો પછી 'હીર સારા ઔર પોન્ડિચેરી' જેવી હળવી અને લાગણીસભર ફિલ્મને જ અલગ રીતે કેમ જોવામાં આવી અને તેનું નામ બદલવા માટે કેમ કહેવામાં આવ્યું?"

# ધમાલ ૪નું ટ્રેલર ઇમેજિકામાં ગ્રાન્ડ ઇવેન્ટમાં લોંચ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

આ અઠવાડિયે એક પછી એક મોટી ફિલ્મોના ટ્રેલર લોંચ થઈ રહ્યા છે. પહેલાં આલ્ફાનું ટ્રેલર આવ્યું પછી વેલકમ ટુ ધ જંગલનું ટ્રેલર આવ્યું અને શુક્રવારે ઈમેજિકા ખાતે વેલકમ ટુ ધ જંગલનું ટ્રેલર લોંચ થઈ રહ્યું છે. મુંબઇ —પુણે હાઈવે પર આવેલા ઈમેજિકા એમ્યુઝમેન્ટ પાર્કમાં ખાસ ઈવેન્ટ યોજવામાં આવશે. આ અંગે સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, "ધમાલ ૪ એક ખાસ ફિલ્મ છે એટલે મેકર્સને સ્પષ્ટ હતું કે, આ ફિલ્મનું ટ્રેલર લોંચ અનોખું હોવું જોઇએ. તેથી તેમણે ઈમેજિકામાં ટ્રેલર લોંચ કરવાનું નક્કી કર્યું. એટલું જ નહીં. ટ્રેલર લોંચની ઈવેન્ટમાં જતાં લોકો માટે પણ ખાસ અનુભવ બની રહે તે માટેની દરેક વ્યવસ્થા કરવામાં આવી છે."

આગળ સુત્રએ જણાવ્યું, "આ ઈવેન્ટનું સૌથી મોટું આકર્ષણ ૬૦ ફૂટ ઊંચા વોટરફોલ પર ફિલ્મનાં પોસ્ટર લોંચની ઘટના હશે. આ પ્રસંગે ફિલ્મની સમગ્ર કાસ્ટ હાજર રહેશે. આ એક ક્યારેય ન જોવા મળ્યો હોય એવો નોખો અનુભવ રહેશે. મેકર્સને લાગે છે કે આ ઘટનાની સોશિયલ મીડિયા પર ચર્ચા થઈ જશે." તેમણે આગળ જણાવ્યું, "આ એક એવી ટ્રેલર લોંચ ઈવેન્ટ છે, જે ફિલ્મના અનુભવને લાઈવ મનોરંજનના અનુભવમાં ફેરવી શકે છે. સાથે જ ફિલ્મમાં જેમ કોઈ ખજાનાની શોધ જેવી વાર્તા છે, એવો જ અનુભવ આ ઈવેન્ટમાં પણ કરાવવામાં આવશે. તેથી હાજર રહેલાં લોકોને પણ ફિલ્મના વિષય અને ધમાલનો અનુભવ થશે."

ઈન્દ્ર કુમારના ડિરેક્શનમાં બનેલી 'ધમાલ ૪'માં ફ્રેન્ચાઈઝીના મુખ્ય કલાકારોની વાપસી જોવા મળશે, જેમાં અજય દેવગન, રિતેશ દેશમુખ, અર્શદ વારસી, સંજય મિશ્રા અને જાવેદ જાફરીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ફિલ્મની સ્ટારકાસ્ટમાં ઈશા ગુપ્તા, સંજીદા



શેખ, અંજલી આનંદ, ઉપેન્દ્ર લિમયે, વિજય પાટકર અને રવિ કિશન જેવા કલાકારો પણ સામેલ છે.

# પારડી સર્કિટ હાઉસ ખાતે કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં યોજાયેલી વિશેષ જનસંપર્ક બેઠક



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૨**

ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી અને ૧૮૦-પારડી વિધાનસભા વિસ્તારના લોકલાડીલા ધારાસભ્ય કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને આજરોજ પારડી શહેર સ્થિત સર્કિટ હાઉસ ખાતે ''વિકસિત ભારત સંકલ્પ સંમેલન''ના ભાગરૂપે એક વિશેષ જનસંપર્ક બેઠકનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં પારડી શહેરના નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો, સંગઠનના હોદ્દેદારો અને વરિષ્ઠ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અભૂતપૂર્વ અને સફળ ૧૨ વર્ષ એટલે કે ૪૩૯૯ દિવસ પૂર્ણ થયા છે. આ નિમિત્તે સરકારની જનકલ્યાણકારી સિદ્ધિઓ અને વિવિધ યોજનાઓ સામાન્યમાં સામાન્ય માણસ સુધી પહોંચે તે માટે તમામ જનપ્રતિનિધિઓએ સજાગ રહીને સતત જનસંપર્ક કરવો જોઈએ. તેમણે કાર્યકરોને પોતાના વિસ્તારમાં પ્રવાસ કરી, લોકોને ભાજપ સરકારના જનહિતના કાર્યોથી માહિતગાર કરવા અને લોકોની સુખાકારી માટે સતત પ્રયત્નશીલ રહેવા અપીલ કરી હતી.

નાણાં મંત્રીએ ચૂંટાયેલી પાંખના સભ્યો અને સંગઠનના હોદ્દેદારોને પ્રશાસન સાથે મજબૂત સંકલન સાધીને સ્થાનિક પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે સક્રિય થવા માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ખાસ ભારપૂર્વક જણાવ્યું કે, ચૂંટણી સમયે જનતાને આપેલા વાયદાઓ પૂરા કરવા માટે પરસ્પર સંકલન સાધીને ''પ્રાયોરિટી બેઝ'' (પ્રાથમિકતાના ધોરણે) આયોજન કરવું જરૂરી છે, બેઠકના અંતમાં ઉપસ્થિત કાર્યકરો સાથે મુક્ત મને ચર્ચા (ઓપન ફોરમ) યોજાઈ હતી, જેમાં પારડી નગરના વિકાસ, સ્થાનિક લોકોની સુખાકારી અને પ્રશ્નોના ત્વરિત નિવારણ માટે યોગ્ય સલાહ-સૂચનો મેળવીને ત્વરિત અમલ કરવાની ખાતરી આપવામાં આવી હતી.

આ બેઠકમાં પારડી શહેર ભાજપ પ્રમુખ વિપુલભાઈ પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ, પારડી નગરપાલિકા પ્રમુખ ચેતનભાઈ નાયકા, ઉપ પ્રમુખ ફાલ્ગુનીબેન ભટ્ટ, કારોબારી ચેરમેન ચેતનભાઈ, પારડી શહેર મહામંત્રી ઝૂબીનભાઈ તેમજ નગરપાલિકાના તમામ સભ્યો, સંગઠનના હોદ્દેદારો અને વિશેષ આમંત્રિતો ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## પારડીના સુખેશ ગામે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં વિશેષ જનસંપર્ક બેઠક યોજાઈ

# મોદી સરકારના સફળ ૧૨ વર્ષની સિદ્ધિઓ જન-જન સુધી પહોંચાડવા મંત્રી કનુભાઈ દેસાઈનું આહ્વાન

**ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સંગઠનના હોદ્દેદારોને સ્થાનિક પ્રશ્નોના ઉકેલ માટે પ્રશાસન સાથે સંકલન સાધવા અપીલ કરાઈ**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૨**

ગુજરાત સરકારના નાણાં મંત્રી અને ૧૮૦-પારડી વિધાનસભા મતવિસ્તારના લોકલાડીલા ધારાસભ્ય કનુભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ પારડી તાલુકાના સુખેશ ગામ ખાતે ''વિકસિત ભારત સંકલ્પ સંમેલન''ના ભાગરૂપે એક વિશેષ જનસંપર્ક બેઠકનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં પારડી તાલુકાના ચૂંટાયેલા જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યો, સંગઠનના હોદ્દેદારો તેમજ વરિષ્ઠ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અભૂતપૂર્વ અને સફળ ૧૨ વર્ષ પૂર્ણ થયા છે. આ નિમિત્તે સરકારની લોકકલ્યાણકારી સિદ્ધિઓ દેશના અંતરિયાળ વિસ્તારના સામાન્ય માનવી સુધી પહોંચે અને લોકો વિવિધ સરકારી યોજનાઓથી માહિતગાર થાય તે માટે કાર્યકરોને જાગૃત રહેવા નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ ખાસ અપીલ કરી હતી. તેમણે તમામ જનપ્રતિનિધિઓને પ્રજાની વચ્ચે જઈ વ્યાપક જનસંપર્ક કરવા પર ભાર મૂક્યો હતો.

નાણાં મંત્રીએ બેઠકને સંબોધતા જણાવ્યું હતું કે, તમામ ચૂંટાયેલા સદસ્યો અને સંગઠનના હોદ્દેદારોએ જનતાની સાથે રહીને વિસ્તારમાં પ્રવાસ કરવો જોઈએ. ભાજપ સરકારના જનહિતના કાર્યો અને યોજનાઓની સમજ આપી લોકોની સુખાકારી માટે સતત પ્રયત્નશીલ રહેવું એ આપણી પ્રાથમિકતા હોવી જોઈએ. આ ઉપરાંત સ્થાનિક પ્રશ્નોના ત્વરિત અને યોગ્ય ઉકેલ માટે ધારાસભ્ય, ચૂંટાયેલી પાંખ, સ્થાનિક સરપંચો અને વહીવટી પ્રશાસન સાથે મજબૂત સંકલન સાધીને કામ કરવા નાણાં મંત્રીએ સર્વેને આહ્વાન કર્યું હતું, આ બેઠક દરમિયાન ઉપસ્થિત અપેક્ષિતો અને કાર્યકરો સાથે મુક્ત મને ચર્ચા હાથ ધરવામાં આવી હતી. જેમાં સ્થાનિક લોકોની સુખાકારી, વિસ્તારના વિકાસલક્ષી પ્રશ્નો અને તેના કાયમી સમાધાન માટે યોગ્ય સૂચનો મેળવીને વિસ્તૃત રજૂઆતો અંગે હકારાત્મક ચર્ચા થઈ હતી.

આ વિશેષ જનસંપર્ક બેઠકમાં પારડી તાલુકા ભાજપ પ્રમુખ પુનિતભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ મહેશભાઈ દેસાઈ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ, પારડી તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરીબેન, વલસાડ જિલ્લા કારોબારી સભ્ય પ્રગ્નેશભાઈ, પારડી તાલુકા મહામંત્રી રાજુભાઈ અને હરીશભાઈ, તાલુકા પંચાયતના સભ્યો, સંગઠનના વિવિધ મોરચાના હોદ્દેદારો તેમજ વિશેષ આમંત્રિતો અને પક્ષના વરિષ્ઠ કાર્યકરો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# નારગોલ દરિયા કિનારે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૨**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કુશળ, દ્રઢ અને લોકાભિમુખ નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના સફળતાપૂર્વક ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર રાજ્યમાં વિવિધ જનકલ્યાણ અને સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે ઉમરગામ તાલુકાના નારગોલ ખાતે દરિયા કિનારાની સઘન સફાઈ કરવામાં આવી હતી. 'સ્વચ્છ ગામ થકી સ્વચ્છ જિલ્લા, સ્વચ્છ રાજ્ય અને સ્વચ્છ દેશ'ના સંકલ્પને સાકાર કરવા માટે સમગ્ર વલસાડ જિલ્લામાં વિવિધ સ્થળોએ સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. દરિયા કિનારાની સફાઈ દ્વારા પ્રકૃતિના જતનનો સંદેશો પાઠવવામાં આવ્યો હતો.

# વલસાડ જિલ્લાના વિવિધ ગામોમાં વ્યાપક સ્વચ્છતા કામગીરી હાથ ધરાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૨**

૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના, જન કલ્યાણના અંતર્ગત સમગ્ર રાજ્ય સહિત વલસાડ જિલ્લામાં પણ ''સ્વચ્છતા સપ્તાહ અભિયાન'' ચાલી રહ્યું છે.

જે પૈકી વલસાડ જિલ્લાના વિવિધ ગામોમાં વ્યાપક સ્વચ્છતા કામગીરી હાથ ધરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરશ્રી નીતીન સાંગવાનના માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા અભિયાનમાં વિવિધ ગામોમાં રસ્તાઓ, સ્ટેટ હાઈવે, નેશનલ હાઈવેની તેમજ જાહેર સ્થળોની સ્વચ્છતા માટે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. જેમાં ગ્રામજનો, સરપંચશ્રીઓ, પંચાયતના સભ્યો, કર્મચારીઓ અને સ્થાનિક આગેવાનોના સહયોગથી ગામોને વધુ સ્વચ્છ અને આરોગ્યપ્રદ બનાવવા માટે શ્રમદાન કરવામાં આવ્યું હતું.

આ અભિયાન દરમિયાન એકત્રિત થયેલા કચરાનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો તેમજ સ્વચ્છતા અંગે જનજાગૃતિ ફેલાવવા માટે લોકોને સ્વચ્છ પર્યાવરણ જાળવવા અપીલ કરવામાં આવી. સ્વચ્છ ગામ, સ્વસ્થ ગામના સંકલ્પ સાથે ગ્રામજનોમાં ઉત્સાહપૂર્ણ ભાગીદારી જોવા મળી હતી.

# વલસાડ જિલ્લા આયુર્વેદ શાખા અને માહિતી કચેરી દ્વારા યોગના પ્રચાર પ્રસાર માટે જાગૃતિ અભિયાન

**સૂર્ય નમસ્કારનું મહત્વ, કોણ કરી શકે અને કોનાથી ન થઈ શકે, ૧૨ સ્થિતિ અને તેના ફાયદા વિશે જાણો મહત્વની વાતો**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**વલસાડ, તા.૧૨:** આગામી તા. ૨૧ જૂનના રોજ સમગ્ર વિશ્વમાં યોગ દિવસની હર્ષોલ્લાસભેર ઉજવણી થનાર છે, જે માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને યોગ સાથે જોડાયેલી અનેક સંસ્થાઓ દ્વારા પણ તડામાર તૈયારી ચાલી રહી છે. ત્યારે વલસાડ જિલ્લા આયુર્વેદ શાખા અને જિલ્લા માહિતી કચેરીના સંયુક્ત ઉપક્રમે યોગ વિશે જનજાગૃતિ ફેલાવવા માટે ઝુંબેશ શરૂ કરાઈ છે. વિશ્વ યોગા દિવસની આ વર્ષની થીમ છે ''Yoga for Healthy Ageing''. આ થીમનો મુખ્ય ઉદ્દેશ યોગ દ્વારા વૃદ્ધાવસ્થામાં પણ શારીરિક, માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્ય જાળવવાનો છે. યોગ વ્યક્તિને વધુ સક્રિય, સ્વાવલંબી અને નિરોગી જીવન જીવવામાં મદદ કરે છે. જેમાં સૂર્ય નમસ્કાર ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. તો આજે જાણીશું સૂર્ય નમસ્કારનું મહત્વ, તેની ૧૨ સ્થિતિ અને તેના ફાયદા વિશે.




સૂર્ય નમસ્કાર વિશે વલસાડ જિલ્લા આયુર્વેદ શાખાના પારડી સ્થિત સરકારી દવાખાનાના મેડિકલ ઓફિસરશ્રી ડો. હેમિલ ડી. પટેલ (એમ.ડી.) જણાવે છે કે, ધરતી પર ઊર્જાનાં સ્રોત-હવા,પાણી, સૂર્ય વગેરેમાંથી સૂર્ય મુખ્ય છે. તેના દ્વારા સમગ્ર પ્રાણી જગત ઊર્જિત થાય છે. પ્રાતઃકાળનાં ઊગતા સૂર્યનાં કિરણો આપણા શરીર પર વિશિષ્ટ ચિકિત્સીય અસર કરે છે.

સૂર્ય નમસ્કારની ૧૨ સ્થિતિઓ એકવાર પૂર્ણ કરવી એ એક આવૃત્તિ (ચક્ર) કહેવાય છે. સૂર્ય નમસ્કારનો વધુમાં વધુ લાભ પ્રાપ્ત કરવામાં માટે પ્રત્યેક દિવસમાં ૧૦ થી ૧૫ આવૃત્તિનો અભ્યાસ કરવો જોઈએ. ૧૨ સ્થિતિઓ કરતી વખતે પૂરક, રેચક અને કુંભક ધ્યાનમાં રાખવાથી વિશેષ લાભ મળે છે. બીમારી અવસ્થામાં સૂર્ય નમસ્કાર ના કરવા જોઈએ અથવા યોગ શિક્ષકની સલાહ લઈને જ કરવા જોઈએ.

સૂર્ય નમસ્કારની ૧૨ સ્થિતિઓ જોઈએ તો, ૧. પ્રણામાસન, ૨. ઉર્વહસ્તાસન, ૩. પાદહસ્તાસન, ૪. દક્ષિણ અશ્વસંચાલનાસન, ૫. પર્વતાસન, ૬. સાષ્ટાંગાસન, ૭. ભુજંગાસન, ૮.પર્વતાસન, ૯. વામ અશ્વસંચાલનાસન, ૧૦. પાદહસ્તાસન, ૧૧. હસ્તોત્તનાસન અને ૧૨. પ્રણામાસન છે.

સૂર્ય નમસ્કારને જીવનનો ભાગ બનાવીને નિયમિત કરવામાં આવે તો અનેક લાભો થાય છે. જે અંગે જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી ઉર્વીબેન પટેલ જણાવે છે કે, (૧) સૂર્ય નમસ્કાર એક પૂર્ણ વ્યાયામ છે. તેનાથી શરીરના દરેક અંગ-ઉપાંગ બળવાન અને નીરોગી બને છે. (૨) પેટ, આંતરડા, સ્વાદુપિંડ, હૃદય અને ફેફસા સ્વસ્થ રહે છે. (૩) કરોડરજ્જુ અને કમરને લચીલા બનાવીને તેમાં આવેલી વિકૃત્તિઓ દુર કરે છે. (૪) શરીરમાં રક્તસંચાર સારી રીતે સમ્પન્ન કરે છે. રક્તમાં આવેલી અશુદ્ધિઓ દુર કરે અને ચર્મ રોગોનો નાશ કરે છે. (૫) સંપૂર્ણ શરીરને આરોગ્ય પ્રદાન કરે છે, (૬) સૂર્યમાંથી વિટામિન ડી. પ્રાપ્ત થાય છે, (૭) બાળકોની ઊંચાઈ વધે છે. (૮) અંતઃસ્ત્રાવી ગ્રંથીઓ સારી રીતે કામ કરે છે. આ રીતે સૂર્ય નમસ્કારનાં અનેક લાભો છે.

# વલસાડના ચણવઈથી મૂળ કપરાડાની ૨૦ વર્ષીય યુવતી ગુમ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૨**

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના બુરવડ, કુંડ ફળિયા ખાતે રહેતી ૨૦ વર્ષીય ઉર્મિલાબેન જગદીશભાઈ મુહુડકર તા.૨૪/૦૫/૨૦૨૬ના રોજ બપોરે ૧૨-૦૦ થી ૧-૦૦ વાગ્યા દરમિયાન વલસાડ તાલુકાના ચણવઈ મજૂરીકામ વાળી જગ્યાએથી કોઈને કંઈ પણ કહ્યા વિના કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા હતા. તેમની શોધખોળ કરતા તેમની કોઈ ભાળ મળી નથી અને તેઓ આજદિન સુધી પરત ફર્યા નથી. ગુમ ઉર્મિલા પાતળો બાંધો, ઘઉંવર્ણ અને ૪ ફૂટ ૮ ઈંચ ઉંચાઈ ધરાવે છે. તેમણે લીલા કલરનો પંજાબી ડ્રેસ પહેરેલો હતો. તેઓ ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે. જો કોઈને પણ આ યુવતીની ભાળ મળે તો વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનનો ૮૧૬૦૭૦૪૨૭૮, પોલીસ કંટ્રોલ રૂમ નં.-૦૨૬૩૨-૨૫૩૩૩૩/૨૪૨૯૦૦ અને ઈ-મેઈલ એડ્રેસ sp-val@gujarat.gov.in પર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# વલસાડ જિલ્લમાં 'સ્વચ્છતા સપ્તાહ' અંતર્ગત જળાશયો અને ખુલ્લા પ્લોટોની સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૨**

વડાપ્રધાનના ૧૨ વર્ષના અભૂતપૂર્વ અને સફળ કાર્યકાળની ઉજવણીના ઉપલક્ષમાં સમગ્ર વલસાડ જિલ્લામાં 'સ્વચ્છતા સપ્તાહ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આ સપ્તાહ અંતર્ગત આજરોજ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં જળાશયો અને ખુલ્લા પ્લોટોની સફાઈ માટે એક વિશેષ અને સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

સ્વચ્છતાના આ મહાઅભિયાન અંતર્ગત વહીવટી તંત્ર અને સ્થાનિક નાગરિકોના સહયોગથી વલસાડ તાલુકાના ચિંચાઈ, ધરમપુર તાલુકાના તિસ્કરી તલાટ, કપરાડા, ઉમરગામ તાલુકાના દહેલી સહિતના ગામોમાં તળાવો, નદી કિનારા, કુદરતી જળાશયો તેમજ સરકારી અને ખાનગી ખુલ્લા પ્લોટોમાં એકત્રિત થયેલો કચરો અને ઝાંખરા-ઝાડીઓની સંપૂર્ણ સફાઈ કરવામાં આવી હતી. આ ભગીરથ કાર્યનો મુખ્ય ઉદ્દેશ્ય પર્યાવરણની જાળવણી અને વિસ્તારને પ્લાસ્ટિક તેમજ કચરામુક્ત બનાવવાનો છે.

# વલસાડ આરટીઓ કચેરી દ્વારા ટ્રાન્સપોર્ટ વાહનોના પંસદગીના નંબર માટે હરાજી થશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**વલસાડ, તા.૧૨:** વલસાડ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા મોટરીંગ પબ્લિકની સગવડતા માટે પસંદગીના નંબરની ફાળવણી માટે ઓનલાઈન હરાજી-ફેર હરાજી શરૂ કરવામાં આવી છે. જેમાં ટ્રાન્સપોર્ટ વ્હિકલ માટે GJ15AZ સિરિઝના ૦૦૦૧ થી ૯૯૯૯ નંબર માટે હરાજી શરૂ કરવામાં આવી છે. આ નંબરો મેળવવાની ઈચ્છા ધરાવનાર વાહન માલિકો તેમના વાહનો રજિસ્ટ્રેશન કરાવી ઓનલાઈન http/privahan.gov.in/fancy પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી હરાજી/ ફેર હરાજીમાં ભાગ લઈ શકશે. તે માટેની સૂચના આ મુજબ છે. (૧) તા.૧૯-૦૬-૨૦૨૬ના રોજ દિવસે ૦૪-૦૦ વાગ્યાથી તા.૨૧-૦૬-૨૦૨૬ના દિવસે ૦૩-૫૯ વાગ્યા સુધી AUCTION/ RE-AUCTION માટેનું ફોર્મ રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે અને ઓનલાઈન એપ્લિકેશન કરવાની રહેશે. (૨) તા.૨૧-૦૬-૨૦૨૬ના રોજ દિવસે ૦૪-૦૦ કલાકથી તા.૨૩-૦૬-૨૦૨૬ના રોજ દિવસે ૦૪-૦૦ કલાક સુધી AUCTION/ RE-AUCTION માટુનું બિડિંગ ખૂલશે. (૩) અરજદારોએ વાહન ખરીદ કર્યાની તારીખથી ૭ દિવસની અંદર CNA ફોર્મ ભરેલું હોવું જોઈએ. વેલીડ CNA ફોર્મ રજૂ નહીં કરનાર અરજદારને હરાજીમાં નિષ્ફળ જાહેર કરવામાં આવશે. (૪) હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણાં જમા કરાવવાના રહેશે. અરજદાર જો આ નિયત સમયમર્યાદામાં નાણાં ચુકવવામાં નિષ્ફળ જાય તો જે તે નંબર માટે મૂળ ભરેલી રકમ જપ્ત કરી જે તે નંબરની ફરી હરાજી કરવામાં આવશે. ઓનલાઈન ઓક્શન દરમિયાન અરજદારે RBI દ્વારા નક્કી કરેલા દરે ચાર્જ ચુકવવાના રહેશે.

વાહનના સેલ લેટરમાં સેલ તારીખથી નિયમ મુજબના દિવસની અંદરના જ અરજદારો હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકશે. સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે એવું ઈન્ચાર્જ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY NAME FROM DHARMESH DESAI TO NEW NAME **DHARMESH JITENDRASINH DESAI**
**ADD.** BRAHMAN FALIYA, NAROLI, SILVASSA 396235, UT OF DNH & DD

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY NAME FROM MONIKABEN KALPESH RATHOD TO NEW NAME **MONIKA VIKRAMSINH THAKOR**
**ADD.** H NO. 169, AUM BUNGLOW, OPP BLUE STAR HOTEL, HAVELI FALIYA, NAROLI, SILVASSA 396235, UT OF DNH & DD

**CHANGE OF NAME**

I **Sangram Surnendra Singh** (old Name) Residing at House 801, Opp. Pramukh Aangan, Garden City RD, Samarvani, Dadra Nagar Haveli, 396230 hereby declare that I have changed my name as **Sangram Surendra Singh** (New Name).

યુ.ટી. દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ નો વહીવટ,
નાયબ વન સંરક્ષકની કચેરી,દમણ

" મોતી દમણ ખાતે આવેલ વોક-ઇન-એવિયરીમાં પક્ષીઓના આહાર માટે પરિવહન સહિત ફળો, શાકભાજી, ઈંડા અને કઠોળના પુરવઠાની કામગીરી."

E-Tender ID No. 2026_DIUDT_4823_1

વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો અથવા મુલાકાત લો ddtenders.gov.in
dcf-dmn-dd@ddd.gov.in
0260-2230978

હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ: 24/06/2026 up to 14:00 hrs.
બિડ ખોલવાની તારીખ: 24/06/2026 at 15:00 hrs.

નાયબ વન સંરક્ષકની કચેરી,દમણ-396220
No. IP/DMN/2/5/2026-27/240, Dated: 12/06/2026

વર્તમાન પ્રવાહ

વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)





# વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા રૂા. ૨૨ કરોડના ખર્ચે સાકાર થયેલ ‘કનુ દેસાઈ વીઆઈએ ઓડિટોરીયમ’નો ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો

**પદ્મશ્રી ગફુરભાઈ બિલખીયા, નાણા મંત્રી કનુભાઈ દેસાઈ, વલસાડ જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન, જિલ્લા પોલીસવડા યુવરાજસિંહ જાડેજા, યોગેશભાઈ કાબરીયા, અંજુમભાઈ બિલખીયા, નાનુભાઈ બાંભરોલીયા, મિલનભાઈ દેસાઈ, વીઆઈએની ટીમ સહિત જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને મહાનુભાવોની રહેલી ઉપસ્થિતિ**















**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વાપી તા.૧૨**

વાપીની વિકાસગાથામાં એક નવિન યશ કલગી ઉમરાઈ છે. આજે શુક્રવારે સાંજના વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા ૨૨ કરોડના ખર્ચે સાકાર થયેલ કનુ દેસાઈ મેમોરિયલ હોલનું ભવ્ય ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો હતો.

વી.આઈ.એ. ગ્રાઉન્ડમાં સાકાર થયેલ કનુ દેસાઈ મેમોરિયલ હોલના ઉદ્‌ઘાટન સમારોહના પ્રારંભ પૂર્વ વીઆઈએ પ્રમુખ શ્રી યોગેશ કાબરીયાએ ઓડિટોરીયમની હાઈલાઈટ્‌સ રજૂ કરી હતી. પૂર્વ ભૂમિકા બાંધતા તેમણે જણાવ્યું હતું કે, આ ઓડિટોરિયમ સાકાર થવામાં સિંહફાળો બિલખીયા પરિવારનો છે. શ્રી અંજુમભાઈ બિલખીયાના સંપૂર્ણ સાથ સહકાર થકી ઓડિટોરીયમ પ્રોજેક્ટ સાકાર થયો છે. તેમનો નોંધનીય આર્થિક સહયોગ મળ્યો છે. આવકાર પ્રવચન આપતા વી.આઈ.એ. પ્રમુખ શ્રી સતિષભાઈ પટેલે શ્રી કનુભાઈ દેસાઈની દિર્ઘદૃષ્ટિ થકી ઓડિટોરીયમ બની શક્યું છે.

આ પ્રસંગે વિશેષ પ્રવચન આપતા મેરીલ ગ્રુપના એમ.ડી.એ. એક ખાસ ઘટસ્ફોટ કર્યો હતો કે કનુભાઈએ વલસાડ જિલ્લા અને વાપીના વિકાસમાં સિંહફાળો આપ્યો છે અને આપી રહ્યા છે. તેથી આ ઓડિટોરીયમનું નામ કનુ દેસાઈ ઓડિટોરીયમ રાખી આપણે તેમની કામગીરીને બિરદાવી શકીએ છીએ. તદ્‌ઉપરાંત તેમણે મેરીલની પ્રગતિની હાઈલાઈટ્‌સ ૧૫ હજાર કર્મચારીઓના યોગદાનની ખાસ નોંધ લીધી બાપુજી હોય તો હું ડાયસ ઉપર બેસતો નથી પણ આજે બેસવું પડ્યું છે.

મુખ્ય અતિથિ પદ્મશ્રી ગફુરભાઈ બિલખીયાએ તેમણે વાપીના સંસ્મરણો યાદ કરી દિલ્હીમાં પદ્મશ્રી પુરસ્કાર સમારોહમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે થયેલી સ્મરણીય મુલકાતનું વર્ણન કર્યુ હતું. શ્રી કનુભાઈ દેસાઈએ સમાજસેવા ગણાવી હતી. આ પ્રસંગે દાતાઓ, આર્કિટેક, સહયોગીઓ, વીઆઈએ ટીમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કલેક્ટરશ્રી નીતિન સાંગવાન, એસ.પી. શ્રી યુવરાજસિંહ જાડેજા, શ્રી નાનુભાઈ બાંભરોલીયા, ઉપપ્રમુખ, શ્રી રાજુભાઈ શાહ સહિત અગ્રણી ઉદ્યોગપતિઓ, વાપી મનપા મેયર દક્ષાબેન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન વીઆઈએ માનદ્‌ સેક્રેટરી શ્રી કલ્પેશ વોરાએ સફળ રીતે કર્યુ હતું.

## વાપીમાં ભંગાર ગોડાઉનોમાં આગ લાગવાનો સિલસિલો યથાવત્‌ : કરવડમાં ચાર ગોડાઉનમાં ભીષણ આગ લાગી





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૨**

**એક ગોડાઉનમાં આગ લાગતા પડોશના અન્ય ગોડાઉનો પણ આગની લપેટમાં આવ્યા**

વાપીમાં બેફામ રીતે ધમધમતા ભંગારના ગોડાઉનોમાં આગ લાગવાનો સિલસિલો અટકવાનું નામ લેતો નથી તેવી વધુ એક આગ આજે શુક્રવારે કરવડ વિસ્તારમાં કાર્યરત ચાર ભંગારના ગોડાઉનોમાં ભિષણ આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

વાપી મનપા દ્વારા અનેકવાર નોટિસ, ચકાસણી અને જરૂરી કાનૂની પ્રક્રિયા કરવામાં આવ્યા પછી પણ વાપી વિસ્તારમાં ભંગારના ગોડાઉનોમાં વારંવાર આગ લાગવાના બનાવો થંભ્યા નથી. આજે કરવડ વિસ્તારમાં સવારે એક ગોડાઉનમાં અચાનક આગ લાગી હતી. ત્યારબાદ આગની લપેટમાં આજુબાજુના ચાર ચાર ગોડાઉનો પણ આવી ગયા હતા. આગની જાણ થતાં જ નોટીફાઈડ અને મહાનગરપાલિકાની પાંચ ઉપરાંત ફાયર ગાડીઓ ઘટના સ્થળે પહોંચી હતી. આગને બે-ત્રણ કલાકની જહેમત બાદ બુઝાવાઈ હતી. સદ્દનસીબે આગના બનાવમાં કોઈને ઈજા કે જાનહાની થવા પામી નથી. આગ ઝડપથી વધવાનું કારણ પ્લાસ્ટીકનો કચરો, કેમિકલના ડ્રમ-કારબા પ્રમાણમાં વધુ જથ્થો હોવાથી આગ જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતી હોય છે પણ એક સત્ય રહ્યું છે કે, વાપીમાં ભંગારના ગોડાઉનોની આગ અટકી નથી.

## ભિલાડથી ગાંજાનો જથ્થો ઝડપાયો

**ભિલાડ પોલીસને રૂપિયા એક લાખની કિંમતના ૨ કિલોથી વધુના ગાંજા સાથે એકને ઝડપી પાડવામાં મળેલી સફળતા : બે વોન્ટેડ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૧૨**

વલસાડ જિલ્લામાં માદક પદાર્થોની હેરાફેરી અને વેચાણ સામે ચલાવવામાં આવી રહેલી ઝુંબેશ અંતર્ગત ભિલાડ પોલીસે એક મોટી સફળતા મેળવી છે. પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી જી.આર.ગઢવી અને તેમની ટીમે બાતમીના આધારે ભિલાડ પૂર્વ બજારમાં આવેલા નુર કાંદા બટાકા સેન્ટરની પાછળ ખુલ્લી જગ્યામાં દરોડો પાડ્યો હતો.



આ કાર્યવાહી દરમિયાન પોલીસે મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ પાલઘર (મહારાષ્ટ્ર) ખાતે રહેતા ૨૦ વર્ષીય સંતોષ કાશીનાથ ગૌડને શંકાસ્પદ બેગ સાથે ઝડપી લીધો હતો.પોલીસે આરોપીની બેગની તલાશી લેતા તેમાંથી રૂા.૧૦૦૮૦૦ની કિંમતના ૨.૦૧૬ કિલોગ્રામ ગેરકાયદેસર ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. આ ઘટનામાં પોલીસે રૂા.૧.૦૫ લાખની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો છે.

ભિલાડ પોલીસે પકડાયેલા આરોપી સંતોષ ગૌડ વિરૂદ્ધ એનડીપીએસ એક્ટ ૧૯૮૫ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ગુનામાં સંડોવાયેલા અન્ય બે આરોપીઓ–રોશન ચૌધરી (રહે.પાલઘર, મહારાષ્ટ્ર) અને પંજા (રહે.રાંચી, ઝારખંડ)ને વોન્ટેડ જાહેર કરી પોલીસે તેમને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

## વલસાડ જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં તા.૧૫ જૂનના રોજ જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૨**

વલસાડ જિલ્લાની જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક તા. ૧૫-૦૬-૨૬ના રોજ સાંજે ૪-૩૦ કલાકે વલસાડ જિલ્લા કલેક્ટરશ્રી નિતીન સાંગવાનના અધ્યક્ષપણા હેઠળ કલેક્ટર કચેરી વલસાડ ખાતે યોજાશે. આ બેઠકમાં હેડ ક્વાર્ટરના અધિકારીઓ હાજર રહેવાનું રહેશે. જયારે હેડ ક્વાર્ટર સિવાયના અધિકારીઓ વીડીયો કોન્ફરન્સથી ભાગ લેશે.

## વાપીમાં વિશ્વ રક્તદાતા દિવસ નિમિત્તે

## શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મસમાજ દ્વારા ભવ્ય રક્તદાન શિબિરનું આયોજન

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૨**

માનવ સેવા અને સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે વાપી શહેરમાં શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મસમાજ દ્વારા એક પ્રશંસનીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. આગામી ૧૪ જૂન ૨૦૨૬ના રોજ ‘‘વિશ્વ રક્તદાતા દિવસ’’ (World Blood Donor Day) ના વિશેષ અવસરે સંસ્થા દ્વારા એક ભવ્ય રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેવાયજ્ઞ વાપીની જાણીતી ઉપાસના સ્કૂલ ખાતે યોજાશે, જેનો સમય સવારે ૮:૩૦ વાગ્યાથી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે.

હાલના સમયમાં રક્તની અનિવાર્યતાને ધ્યાનમાં રાખીને હોસ્પિટલોમાં દર્દીઓને સમયસર લોહી મળી રહે તેવા ઉમદા હેતુથી આ શિબિરનું આયોજન કરાયું છે. કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ હાર્દિક મહેતા અને મંત્રી રજત રાવલના માર્ગદર્શન હેઠળ સમગ્ર ટીમ ભારે જહેમત ઉઠાવી રહી છે. આ પ્રોજેક્ટના સફળ સંચાલન માટે પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર તરીકે પાર્થિવ મહેતા તેમજ પ્રોજેક્ટ ચેરમેન તરીકે જાગૃત જાની અને શિવમ બધેકા સેવાઓ આપી રહ્યા છે.

આ રક્તદાન શિબિરની મુખ્ય વિશેષતા એ છે કે રક્તદાતાઓનો ઉત્સાહ વધારવા માટે સંસ્થા તરફથી તમામ રક્તદાતાઓને આકર્ષક પ્રોત્સાહક ભેટસોગાદો આપવામાં આવશે. જેમાં છત્રી, ગ્લાસ બાઉલ, તુલસી ડ્રોપ્સ, એલોવેરા જેલ, લક્ઝરી સાબુ, કાચની બોટલ, ડિયોડરન્ટ અને આકર્ષક બેગ જેવી ઉપયોગી વસ્તુઓનો સમાવેશ થાય છે. આયોજકો દ્વારા વાપી અને આસપાસના વિસ્તારના તમામ નાગરિકોને આ મહા રક્તદાન શિબિરમાં મોટી સંખ્યામાં જોડાઈને રક્તદાન કરવા હાર્દિક અપીલ કરવામાં આવી છે.

## વાપી મનપા વોર્ડ નં.૧૦-૧૧માં છેલ્લા ત્રણ દિવસથી પાણી સપ્લાય બંધ: પાઈપમાં સર્જાયેલા ભંગાણને રિપેર કરવામાં લાપરવાહી





**સ્થાનિક કોર્પોરેટ ખંડુભાઈ પટેલ પાણી સમસ્યા માટે મનપાની કામગીરી સામે પ્રશ્ન ઉઠાવી ઉધડો લીધો**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૨**

અત્યારે કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે વાપી નગરના કેટલાક વિસ્તારો પાણી માટે વલખા મારી રહ્યા છે. પાઈપલાઈનમાં ખરાબી થતાં વોર્ડ નં.૧૦ અને ૧૧માં છેલ્લા ત્રણ દિવસથી પાણી પુરવઠો ખોરવાઈ ગયો છે ત્યારે સ્થાનિક લોકો પાણી માટે સંઘર્ષમાં મુકાઈ ગયા છે.

વાપી મનપા વોર્ડ નં.૧૦-૧૧માં પાણીની વિકટ સમસ્યા ઉભી થતા સ્થાનિક કોર્પોરેટર ખંડુભાઈ પટેલ આગળ આવ્યા હતા. આ વિસ્તારમાં પાણી સપ્લાય બંધ રહેવાનું કારણ પાણીની પાઈપલાઈનમાં ભંગાર પડ્યું છે. આ ભંગાણનો મરામતમાં લાપરવાહી અને વેઠ વાળવામાં આવી રહી હોવાથી કોર્પોરેટર ખંડુભાઈ પટેલે સ્થળ નિરીક્ષણ કરીને કામગીરીમાં ચાલતી વેઠ ઉજાકર કરી હતી. તેમણે જણાવ્યું હતું, ઉનાળાના સમયમાં ત્રણ ત્રણ દિવસ પાણી પુરવઠો ખોરવાઈ જાય તો સામાન્ય જનતાની હાલત કફોડી થઈ જતી હોય છે. મનપાના પાણી વિભાગના કર્તાહર્તાઓ નિષ્ફળતા સુચવી રહી છે.

## કાવ્યાનુભૂતિ



**પદ્માક્ષીબેન મનિષભાઈ પટેલ**
**(પ્રાંજલ)**
**વ્યવસાય: પ્રાથમિક શિક્ષક, પારડી કન્યાશાળા નં-૧, કિલ્લા: પારડી જિ વલસાડ**
**અભ્યાસ : પી.ટી.સી., એમ.એ બી.એડ.**

### નિશ્ચય

*જીવનની છેલ્લી ક્ષણ સુધી, હું તને ચાહતો રહીશ,*
*પેલી ઘેલી સરિતાની જેમ, તને મળવા દોડતો રહીશ.*

*શું હશે પ્રારબ્ધમાં, એની તો કોને ખબર જીવનસાથી,*
*સંગાથની આ પળેપળને હું, મનભરી માણતો રહીશ.*

*રૂઠવા મનાવવાનો રિવાજ આ ચાલતો જ રહેવાનો,*
*રિસામણાં પછી નવા રૂપમાં, હું તને પિછાણતો રહીશ.*

*સમજી શકીશું એકમેકને પૂર્ણપણે, એ તો શું કહી શકું?*
*લાગણીની આ લહેરખીઓથી બસ, ઉરને પંપાળતો રહીશ.*

*સફર ક્યાં આસાન છે? આપણે જાણીએ છીએ સુપેરે,*
*છે અતિશય પ્રેમ માની, મૂંઝાતી જાતને સંભાળતો રહીશ.*

*પ્રેમનું ઝરણું ફૂટ્યું છે, પાષાણ પરિસ્થિતિઓ માંહેથી,*
*એને ખળખળતી જીવન તણી, ધાર સદા બનાવતો રહીશ.*

આ કાવ્યમાં કવયિત્રી પ્રેમ પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતા, સમર્પણ અને જીવનભર સાથ નિભાવવાના દૃઢ સંકલ્પને ખૂબ જ હૃદયસ્પર્શી રીતે વ્યક્ત કરે છે. પ્રેમ માત્ર લાગણી નથી, પરંતુ જીવનનો આધાર અને સતત વહેતી જીવનધારા છે એવો ભાવ સમગ્ર રચનામાં પ્રગટ થાય છે.

કવયિત્રી કહે છે કે જીવનના અંતિમ શ્વાસ સુધી તેમનો પ્રેમ અખંડ રહેશે. જેમ કોઈ નદી પોતાના સાગરને મળવા અવિરત વહેતી રહે છે, તેમ તેઓ પણ પોતાના પ્રિયજન તરફ સતત આકર્ષિત થઈ આગળ વધતા રહેશે. અહીં સરિતાનું રૂપક પ્રેમની નિરંતરતા અને સમર્પણને સુંદર રીતે ઉજાગર કરે છે.

ભવિષ્યમાં શું લખાયેલું છે તેની કોઈને ખાતરી નથી. પરંતુ અનિશ્ચિત ભવિષ્યની ચિંતા કરતાં વર્તમાનમાં મળેલા સાથની દરેક ક્ષણને પૂરપાટ માણવાની ભાવના અહીં વ્યક્ત થાય છે. જીવનનું સાચું સુખ વર્તમાનને જીવી લેવામાં છે એવો સંદેશ પણ અહીં સમાયેલો છે.

પ્રેમમાં મતભેદ, રિસામણાં અને મનામણાં સ્વાભાવિક છે. કવયિત્રી સ્વીકારે છે કે આવા પ્રસંગો આવતાં જ રહેશે, પરંતુ દરેક રિસામણાં પછી સંબંધ વધુ ગાઢ બનશે અને તેઓ પોતાના પ્રિયજનને નવા આયામોમાં ઓળખતા રહેશે. પ્રેમ સતત વિકસતી પ્રક્રિયા છે તેવો ભાવ અહીં વ્યક્ત થયો છે.

કોઈપણ બે વ્યક્તિઓ એકબીજાને સંપૂર્ણ રીતે સમજી શકે તે શક્ય નથી. છતાં પ્રેમની નાજુક લાગણીઓ, સંવેદનાઓ અને લાગણીસભર વર્તન દ્વારા તેઓ હૃદયને સતત શીતળતા અને હૂંફ આપતા રહેશે. અહીં પ્રેમની અભિવ્યક્તિ સમજણ કરતાં વધુ મહત્વની હોવાનું દર્શાવાયું છે.

જીવનની સફર સરળ નથી. મુશ્કેલીઓ, અવરોધો અને મૂંઝવણો આવતી જ રહેવાની. છતાં પ્રેમની શક્તિ પર વિશ્વાસ રાખીને કવયિત્રી પોતાની જાતને સંભાળવાની અને સંબંધને મજબૂત રાખવાની પ્રતિજ્ઞા કરે છે. પ્રેમ અહીં પ્રેરણા અને સહારાના રૂપમાં ઉપસે છે.

આ અંતિમ શેર સમગ્ર કાવ્યનું કેન્દ્રીય સૌંદર્ય છે. કઠિન અને પાષાણ સમાન પરિસ્થિતિઓમાંથી પણ પ્રેમનું ઝરણું ફૂટી નીકળ્યું છે. હવે આ પ્રેમને માત્ર ટકાવી રાખવાનો નહીં, પરંતુ જીવનને પોષણ આપતી ખળખળ વહેતી ધાર તરીકે સદાય જીવંત રાખવાનો દૃઢ નિશ્ચય વ્યક્ત થાય છે. અહીં પ્રેમની વિજયી શક્તિ અને સર્જનાત્મકતા ખૂબ અસરકારક રીતે પ્રગટ થાય છે.

‘‘નિશ્ચય’ પ્રેમની સ્થિરતા, સમર્પણ, સહનશીલતા અને અખંડ વિશ્વાસનું કાવ્ય છે. જીવનમાં ગમે તેવી પરિસ્થિતિ આવે, ભવિષ્ય અનિશ્ચિત હોય, મતભેદો થાય કે પડકારો આવે – સાચો પ્રેમ સતત વહેતી નદીની જેમ પોતાનો માર્ગ શોધી લે છે. કવયિત્રીનો આ નિશ્ચય માત્ર પ્રેમીને ચાહવાનો નથી, પરંતુ પ્રેમને જીવનની ખળખળતી ધાર બનાવી રાખવાનો છે. તેથી આ કાવ્ય પ્રેમના પરિપક્વ અને જવાબદાર સ્વરૂપનું સુંદર નિરૂપણ કરે છે.